ઓક્ટોબર ૨૦૧૧ કિંમત ₹ ૧૦

# દાદાવાણી



ચાલો આજે ભજીએ, પ્રગટ નિજ દીપને દિવાળીએ, 'હું' 'હું'માં સમાઉં, પરમાણુ માત્રને આજ ન અડીએ.

# દાદાવાણી

## રોજિંદા વ્યવહારમાં ક્રોધ સામે ઉપાય

**તંત્રી તથા સંપાદક :**
**ડિમ્પલ મહેતા**
વર્ષ : ૧૭, અંક : ૨
સળંગ અંક : ૧૯૪
**ઓક્ટોબર ૨૦૧૧**

**સંપર્ક સૂત્ર :**
ત્રિમંદિર, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો.- **અડાલજ**,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧, ગુજરાત.
**ફોન :** (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email : dadavani@dadabhagwan.org
**Website:** www.dadashri.org
www.dadabhagwan.org

**Printed & Published by**
**Dimple Mehta on behalf of Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

**Owned by**
**Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

**Printed at**
**Amba Offset**
Basement, Parshvanath Chambers, Nr.RBI,
Usmanpura, Ahmedabad-14.

**Published at**
**Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

**Editor : Dimple Mehta**

**લવાજમ (ગુજરાતી)**
**૧૫ વર્ષ**
ભારત : ૬૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫૦ ડોલર
યુ.કે. : ૧૦૦ પાઉન્ડ
**વાર્ષિક સભ્ય**
ભારત : ૭૫ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
**D.D. / M.O.** 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

### સંપાદકીય

રોજિંદા જીવન વ્યવહારમાં વ્યક્તિથી ક્યારેક ક્રોધ-ગુસ્સો તો થઈ જતા હોય છે. એનું કારણ શું હશે ? ક્રોધ થઈ જવો એ નબળાઈ છે. હવે એ નબળાઈને સાચવી રાખવી જોઈએ કે તે નબળાઈને દૂર કરવાના કોઈ ઉપાય પણ કરવા જોઈએ ? માની લો કે કદાચ બીજા ભૂલ કરતા હશે પણ એમાં આપણે શું કરવા નબળા થવું જોઈએ ?

સામાન્ય રીતે માન્યતા પ્રવર્તતી હોય છે કે ક્રોધ કરીને ધાર્યું પરિણામ મેળવી શકાય છે કે બીજાને સુધારી શકાય છે. પણ એ માન્યતાની સત્યતા અંગે કોઈ પ્રમાણ મેળવી શકાયું છે ખરું ? ક્રોધ કરે એટલે પહેલા પોતાનું બગડે અને પછી સામાવાળાનું પણ બગડે એટલે પરિણામે તે બન્નેવ પક્ષે નુકસાન જ ને ! મનુષ્ય જીવન ભવોભવની કમાણી કરવા માટે છે કે ખોટ ખાવા માટે તે તો આપણે વિચારવું જ રહ્યું ને ? સમજુ અને શાણા માણસો ક્રોધ કરવાનું હિતાવહ માનતા નથી અને ક્વચિત થઈ જાય તો ફરી એવું ના થાય તેની તકેદારી રાખવાનો પુરુષાર્થ કરતા હોય છે. ક્રોધ થયા પછી તેનો ફાયદો શો થયો તેનો હિસાબ કાઢે તોય ક્રોધ ઓછો થાય કે બંધ થઈ જાય. વિચારે કરીને ક્રોધ-ગુસ્સો જઈ શકે એમ છે.

ઘણાને કદાચ પ્રશ્ન થતો હશે કે જીવન વ્યવહાર ચલાવવાનો એટલે બીજાને ક્યારેક કશું કહેવું તો પડે ને ? ક્યારેક ટૈડકાવવા પણ પડે કે ક્રોધ પણ કરવો પડે ત્યાં શું ઉપાય કરવો ? પરમ પૂજ્ય દાદાશ્રી તે માટે કહે છે કે જ્યાં જરૂર પડે ત્યાં કહેવાનું ખરું પણ રાગ-દ્વેષ રહિત. એક આંખમાં પ્રેમ રાખવાનો અને એક આંખમાં કડકાઈ રાખવાની. કડકાઈથી સામાને બહુ નુકસાન નથી થતું પણ ક્રોધ કરવાથી બહુ નુકસાન થાય છે. વારે વારે કહે કહે કરવું એય ગુનો છે અને ના કહેવું એય ગુનો છે. 'ના કહેવું' એય એક જાતનો અહંકાર છે. અહંકાર કરવો જ હોય તો એવો અહંકાર કરવા જેવો છે કે ભલે મારા નિમિત્તે કોઈને સુખ ન હો પણ કોઈને ક્યારેય કિંચિત્‌માત્ર દુઃખ તો ના જ હોજો. તો એ અહંકાર મોક્ષે જવા તો કામ લાગશે ! દરેક વાતમાં આપણે સામાને એડજસ્ટ થઈ જઈએ તો જીવન કેટલું સરળ થઈ જાય ! અને આમેય જોડે શું લઈ જવાનું છે ? લેણ-દેણના હિસાબ પૂરા કરી સહુ સહુના ગામ ચાલ્યા જવાનું છે, ત્યાં આ ભાંજગડ શાના માટે કરવાની ?

આશ્રિતને મારવું, ક્રોધથી દુઃખ પહોંચાડવું એ બહુ મોટો ગુનો કહેવાય છે. સંસાર વ્યવહાર ચલાવવાનો છે પણ એ આદર્શ હોવો જોઈએ. કોઈનેય પણ દુઃખ ના થાય તેવો વ્યવહાર હોવો જોઈએ. જ્યાં જરૂર હોય ત્યાં દંડ કરવાનો વાંધો નથી પણ ક્રોધ કરવો એ વાંધો છે. એ નબળાઈ ના થવી જોઈએ. આવી નબળાઈ થાય એટલે સામા માણસ ઉપર પ્રભાવ ના પડે અને પ્રભાવ ના પડે એટલે કોઈ કાર્ય થાય નહીં. કોઈપણ કાર્ય હંમેશા પ્રભાવથી જ થાય છે. આપણો પુરુષાર્થ શું હોવો જોઈએ કે ક્રોધની નબળાઈ પોતાનામાં ના હોવી જોઈએ. જેનામાં નબળાઈ ના હોય તેની પર્સનાલિટી પડે. અને પર્સનાલિટી ક્યારે આવે ? તો વિજ્ઞાન જાણીએ ત્યારે પર્સનાલિટી આવે.

પ્રસ્તુત સંકલનમાં પરમ પૂજ્ય દાદાશ્રીએ જીવન વ્યવહારમાં ક્રોધથી મુક્ત થવાના ભિન્ન-ભિન્ન ઉપાયો વિજ્ઞાન દૃષ્ટિએ બહુ જ સરળતાથી સમજાવેલા છે, જે સહુ કોઈને ધ્યેય પ્રાપ્તિની પૂર્ણતાના પુરુષાર્થ માટે પથદર્શક બની રહેશે એ જ અભ્યર્થના.

**જય સચ્ચિદાનંદ**

# રોજિંદા વ્યવહારમાં ક્રોધ સામે ઉપાય

## ક્રોધ થવાનું કારણ

કોઈ દહાડો ગુસ્સે થઈ જઉં છું કોઈની જોડે ?

**પ્રશ્નકર્તા :** થાય છે.

**દાદાશ્રી :** એમ ? નબળાઈ ના કહેવાય ? તારામાં વીકનેસ ના કહેવાય ?

**પ્રશ્નકર્તા :** વીકનેસ છે જ.

**દાદાશ્રી :** એ શું ખાવાથી તને ગુસ્સો થાય છે ?

**પ્રશ્નકર્તા :** એ થઈ જાય છે, એમ જ !

**દાદાશ્રી :** ગુસ્સો નબળાઈ નથી ? નબળાઈ ? તો આ બધી નબળાઈ, કેમ આટલું બધું ભણું છું ને નબળાઈને રહેવા દીધી છે ? આ વીકનેસ દૂર કરી નાખને આપણે.

**પ્રશ્નકર્તા :** એ ધીમે ધીમે, જેમ જેમ તમે ઉંમરમાં મોટા થાવ તેમ તેમ એનાં ઉપર કંટ્રોલ આવતો જાય.

**દાદાશ્રી :** થોડો કંટ્રોલ આવ્યો છે નાનપણ કરતાં અત્યારે કે વધતો જાય છે ?

**પ્રશ્નકર્તા :** સરખો જ છે.

**દાદાશ્રી :** એમ ? ઓછો થતો નથી ?

**પ્રશ્નકર્તા :** નહીં, વધ્યો તો નથી.

**દાદાશ્રી :** પુસ્તકો વાંચો છો ?

**પ્રશ્નકર્તા :** ખાસ કોઈ નહીં, પણ આમ જ્ઞાનના પુસ્તકો વાંચું. એમાં એવું આવે કે ક્રોધ ના કરવો જોઈએ, એ બધું.

**દાદાશ્રી :** એ કોના પુસ્તક છે ? કોનું લખેલું છે ?

**પ્રશ્નકર્તા :** આમ સામાન્ય બધા મુનિઓના જે પ્રવચનો થાય એમના.

**દાદાશ્રી :** પણ તે ક્રોધ-માન-માયા-લોભ જતાં નથી પછી ? મુનિને પૂછ્યું નહીં કે 'તમે શી રીતે કાઢ્યો આ તમારો (ક્રોધ) ? મને કંઈ કાઢવાનો રસ્તો બતાડો ને !'

**પ્રશ્નકર્તા :** એક જણને મેં પૂછ્યું તો એમણે એવું કહ્યું કે સિનેમા નહીં જોવાના, નાટક નહીં જોવાના. પણ એ તો કહે, એવું બને નહીં ને !

**દાદાશ્રી :** પછી ખાવાનું કહે છે ? ખાજો એમ કહે છે ?

**પ્રશ્નકર્તા :** હા, એ તો (કહે કે) ખોરાક પણ બધો સામાન્ય લેવો. એટલે જે મારાથી થઈ ન શકે એવાં ઉપાયો.

**દાદાશ્રી :** પણ મહારાજને પૂછ્યું નહીં, તમારા (કષાય) ગયા છે ? તમે મને એ રસ્તો દેખાડો તમે કરો છો તે, શું ?

**પ્રશ્નકર્તા :** એમના ગયા હશે એવું મેં માની લીધું, મેં પૂછ્યું નથી એ.

**દાદાશ્રી :** બરોબર છે. આપણા લોક તો મોળા છે ને ! સ્વભાવથી જ મોળા.

**પ્રશ્નકર્તા :** હા, પણ એવું કઈ રીતે પૂછાય ?

**દાદાશ્રી :** એવું છે ને, તમારા ક્રોધ-માન-માયા-લોભ ગયા હોય તો મને રસ્તો દેખાડો તો સાચો. બાકી તમારા ગયા ના હોય તો એ તમે રસ્તો કરી લો ને ! પાછું મને શું કરવા દેખાડો છો ?

**પ્રશ્નકર્તા :** એ પ્રવચનમાં કહે એટલે એનો અર્થ એવો કે એમના ગયા જ હશે ને ?

**દાદાશ્રી :** કોઈ ભૂતને વશ કર્યું હોય ને, તો

આવીને આપણું કામેય કરે, આ ક્રોધને વશ કરીને શું કાઢવાનું ?

**પ્રશ્નકર્તા :** ક્રોધને એટલા માટે વશ કરવો જોઈએ કે એના દ્વારા જે અન્ય કામો શાંતિથી કરી શકીએ, એ બધા ડિસ્ટર્બ થાય છે.

**દાદાશ્રી :** જે બીજું કામ કરતા હોય એ ડિસ્ટર્બ કરે નહીં ?

**પ્રશ્નકર્તા :** હા, એટલે આ ક્રોધને વશ કરવો જોઈએ.

**દાદાશ્રી :** કયે ટાઈમે ક્રોધ થાય છે ?

**પ્રશ્નકર્તા :** આપણા ઈચ્છા વિરુદ્ધનું કોઈ પણ કરે એટલે ક્રોધ ઉત્પન્ન થાય.

**દાદાશ્રી :** હા, પણ આ મકાન ઉપરથી નળિયું પડે માથામાં અને લોહી નીકળ્યું તો, આપણી ઈચ્છા વિરુદ્ધ થયું તે ઘડીએ ક્રોધ આવે ?

**પ્રશ્નકર્તા :** હા, એટલે કોઈકે બરાબર ગોઠવેલું નહીં હોય એમ કરીને બે સંભળાવીએ.

**દાદાશ્રી :** એમ ? તોયે બે સંભળાવી દે ? ચાલો પછી. અહીંથી જતા હોય ને ડુંગર ઉપરથી પથરો ગબડીને (માથામાં) પડ્યો ને લોહી નીકળવા માંડ્યું તો?

**પ્રશ્નકર્તા :** ત્યારે પણ કંઈક આમ એબનોર્માલીટી આવે, અસર, ઉદ્વેગ થાય.

**દાદાશ્રી :** ઉદ્વેગ થાય, પણ ક્રોધ તો ના થાય ને ?

**પ્રશ્નકર્તા :** ત્યારે તે વખતે આપણો વાંક હોય એટલે આપણે આપણા ઉપર કાઢીએ.

**દાદાશ્રી :** આપણે આપણા પર કાઢીએ ! (પણ ગુસ્સો) કર્યા વગર રહે નહીં.

## દુઃખનું કારણ, અંતર શત્રુઓ જ

**પ્રશ્નકર્તા :** તો જે આ કામ-ક્રોધ થાય છે એનાથી શું ખોટ આવે છે ? એની જરૂર નહીં ?

**દાદાશ્રી :** કામ-ક્રોધ બધાં દુઃખ આપ્યા કરે. બહુ દુઃખ આપે. એની જરૂર તો એવું છે ને કે સંસાર એને ગમતો હોય ત્યાં સુધી એની જરૂર છે. પણ એને દુઃખ સહન ના થતું હોય તો કામ-ક્રોધ જ દુઃખ આપનાર છે, બહાર કોઈ દુઃખ આપતું નથી. આ પોતાના અંતર શત્રુઓ જ દુઃખ આપે છે. એ ષડ્રિપુ એ જ દુઃખ આપે છે. એ જો છૂટા થઈ ગયા આનાથી તો નિવેડો આવ્યો.

આ હું જોઉં છું ને, મને કોઈ બહાર દુઃખ નથી આપતું. ષડ્રિપુ મહીં હતાં ત્યાં સુધી દુઃખ આપતા હતા. હવે મહીં એ લોકોએ બધું બંધ કરી દીધું, સૌ સૌને ગામ ચાલ્યા ગયા.

## રાગ-દ્વેષ એટલે સ્વાર્થ

ઘરમાં અકળામણ થાય છે, તેનું શું કારણ ? ત્યારે કહે, ધણી એવો છે ? ના. તો કહે, બૈરી એવી છે ? ના. રાગ-દ્વેષ છે માટે દુઃખ થાય છે. રાગ-દ્વેષ ના હોય તો કોઇની જોડે અથડામણ જ ના થાય. રાગ-દ્વેષ છે પોતાને. રાગ-દ્વેષ એટલે સ્વાર્થ. સહુ સહુના સ્વાર્થમાં પડવું, એનું નામ રાગ-દ્વેષ. અમને સ્વાર્થની છે કોઇ ભાંજગડ કોઇની જોડે ? અમારે કશું જોઇએ જ નહીં, તો કશી ભાંજગડ નહીં. આ તો એક રસાસ્વાદ ચાખવા સારુ જો ભાંજગડ, જો ભાંજગડ, જો ભાંજગડ અને ચાખીને જાણે કે કાયમના સુખિયા થઇ જતાં હોયને તોય સારું. પણ આ ચાખ્યા તોય રોકકળાટ, રોકકળાટ, બળ્યો. સાચું કહેજો, રોકકળાટ ખરો કે નહીં, ચાખ્યા તોય ?

**પ્રશ્નકર્તા :** થાય, એકદમ સત્ય !

**દાદાશ્રી :** આ બધું રાગ-દ્વેષને લઇને છે. બઇનોય દોષ નથી, ભઇનોય દોષ નથી. સારાં સારાં માણસોની અંદર ઝઘડા હોય છે, એનું શું કારણ કે રાગ-દ્વેષ. અને જો વીતરાગતાપૂર્વક હોય તો તો ઝઘડો થાય નહીં. પણ તે તો ક્યારે હોય ? આત્મજ્ઞાન સહિત હોય ત્યારે.

## બહાર મૌન, મહીં મોંકાણ

**પ્રશ્નકર્તા :** કોઈ ગુસ્સો કરતો હોય અને મૌન લીધું હોય, તો એ વખતે તો બોલાય જ નહીં ને ! એટલે ક્રોધ ના થાય ને ?

**દાદાશ્રી :** પણ એ મહીં ગુસ્સો કર્યા કરે ને !

**પ્રશ્નકર્તા :** પણ વાણીથી જે કર્મો બંધાય, એ તો અટકી ગયા ને ?

**દાદાશ્રી :** મહીં ગુસ્સો કરે ને, એટલે કોઈ કર્મ અટકે નહીં. કશું અટકે નહીં. આ અજ્ઞાની જે જે કરે ને, એ બધું એમને એમ અંધારામાં જાય.

**પ્રશ્નકર્તા :** મૌનથી સ્થૂળ તો અટકે ને ?

**દાદાશ્રી :** પણ આમ મહીં તો કષાયમાં જ રહેતો હોય ને !

**પ્રશ્નકર્તા :** પણ જો બોલીએ તો વધારે અસર કરે. આવેશ આવે ત્યારે કદાચ બોલી જઈએ તો વધારે અસર કરે અને મૌનથી એ અસર તો ના થાય ને ?

**દાદાશ્રી :** એ ના થાય, અસર થતી અટકી જાય, પણ અંદર ને અંદર એ કાવાદાવા કર્યા કરે. બોલીએ તો સામાને તરત અસર થાય ને પેલું અંદરની લોકોને ખબર ના પડે ને ! આમ બોલીએ તો ભડકો થયો કહેવાય. એટલે ત્યાં બોલવું તેના કરતાં મૌન સારું છે. કશું બોલે તો ઊંધું થઈ જાય એના કરતાં ના બોલે તો સારું છે. એક દહાડો તો પાંસરો રહ્યો. અને મૌન રહે તો પાંચ જણને ઠપકા તો ના આપે, ભસ ભસ ના કરે ને ! એટલે વૈખરી વાણી એકલી બંધ થાય. પેલું બધું મહીં ચાલુ જ હોય. આમ મૌન રાખે ને મહીં તો ગાળો હઉ દે.

આ તો બરકત હોય નહીં ને વગર કામના બધાનામાં બોલ બોલ કરીએ, તેનો શો અર્થ છે ? બધી લાઈનમાં કંઈ બરકત હોય માણસની ? વખતે એકાદ લાઈનમાં હોય માણસને. પછી મોટા માણસો બોલે એ વાત જુદી છે. વ્યવહારમાં મોટા માણસ હોય, એને તો કોઈ વઢનાર ના હોય. પણ આપણે તો આગળ વધવાનું છે ને ! એટલે જેને આગળ વધવાનું છે, તેણે તો પૂરેપૂરું મૌન થઈ જવું જોઈએ. જેટલું મૌન પકડશે, એટલી બુદ્ધિ ઠેકાણે આવશે. જેટલા સેન્સિટિવ હોય, તેણે મૌન રાખવાની જરૂર.

## ફફડાવાથી ના સુધરે કોઈ

**પ્રશ્નકર્તા :** ઘરમાં કે બહાર કોઈ જગ્યાએ કપટ થતું હોય, તો ફફડાવવા પડે ને ?

**દાદાશ્રી :** આપણા ફફડાવવાથી જો સામાનું કપટ મટી જતું હોય તો ફફડાવવા જોઈએ, પણ કપટ કાયમ રહેતું હોય તો ફફડાવવાનો કોઈ અર્થ નથી. તમને ફફડાવતાં આવડતું નથી, એમ કરીને તમને જેલમાં ઘાલી દેવા જોઈએ કે 'કેમ આમને ફફડાવ્યા ?'

**પ્રશ્નકર્તા :** ફફડાવવાનું નહીં, તો બીજું શું કરવાનું ?

**દાદાશ્રી :** એ કયે રસ્તે સુધરે એ જોવાનું.

**પ્રશ્નકર્તા :** આપણી જોડે કોઈ કપટ કરે તો સ્વાભાવિક રીતે એના ઉપર ગુસ્સો તો થઈ જાય ને ?

**દાદાશ્રી :** પાંચ વાર ગુસ્સો થવાથી એનું કપટ જો જતું રહેતું હોય તો બરાબર છે ને ના જાય તો તમને જેલમાં ઘાલી દેવા જોઈએ. આ દવાથી એને મટતું નથી ! ઊલટું આવી દવા પાઈને એને મારી નાખો છો !

**પ્રશ્નકર્તા :** એ માણસ એ જ રીતે ચાલે, પછી એનો ઉપાય શો કરવાનો ?

**દાદાશ્રી :** આ તમારો ઉપાય એ નુકસાનકારક છે. આ ન હોય ઉપાય. આ તો એક જાતનો 'ઈગોઈઝમ' છે. હું આને આમ સુધારું, તેમ સુધારું એ 'ઈગોઈઝમ' છે. આપણે શું કહેવા માગીએ છીએ કે પહેલો તું સુધર. તમે એકલાં જ બગડેલા છો. એ

તો સુધરેલા જ છે ! આ તમે બધાને ફફડાવીને હેરાન કરી નાખો છો, તે તમને શોભે નહીં.

**પ્રશ્નકર્તા :** તો પછી શું કરવું ?

**દાદાશ્રી :** પોતાનો ફેરફાર કરવાનો છે. પોતે એવો બને કે ક્યારેય કોઈ કપટ એની પાસે કરે જ નહીં. મારી પાસે કોઈ કપટ કરતું જ નથી. આપણા મનમાં કપટ હોય તો જ સામો માણસ કપટ કરે અને આપણા મનમાં કપટ ના હોય તો કોઈ કપટ કરે જ નહીં ! આપણો જ ફોટો છે આ બધો !

**પ્રશ્નકર્તા :** આપણી લેણદેણ હશે, તેથી સામો કપટ કરે છે ?

**દાદાશ્રી :** હિસાબને તો આપણે 'લેટ ગો' કરીએ છીએ. હિસાબ નિવારી શકાય એમ નથી. હિસાબ તો મને મળ્યો, તેય નિવારી ના શકાય.

### સમજાવી લાવો ઉકેલ

કશો તમારાથી ફેરફાર થાય એમ નથી. આ બૂમો પાડવાનો અર્થ જ શો છે તે ? પેલાનું કપટ તો તેવું ને તેવું જ રહે છે. ઊલટો એ વધારતો જાય. તમે બૂમાબૂમ કરો એટલે પેલો મનમાં કહેશે કે આમનામાં કશી બરકત નથી અને ખોટી બૂમાબૂમ કરે છે ! એટલે પેલો પોતાની ભૂલ વધારતો જ જાય અને તમને (ઘોળીને) પી જાય !

**પ્રશ્નકર્તા :** એનો રસ્તો શો ?

**દાદાશ્રી :** એના ઉપર આપણો એવો પ્રભાવ પડે કે એ કપટ જ ના કરે. આપણે આ બીજા બધા રસ્તા કરવાની જરૂર નથી. ગુસ્સો કરો છો, એના કરતાં મૌન રહો ને. ગુસ્સો એ હથિયાર નથી.

**પ્રશ્નકર્તા :** કપટથી કોઈ માણસ માલ ચોર્યા કરતો હોય તે આપણે જોયા કરવું ?

**દાદાશ્રી :** એના માટે ગુસ્સો એ હથિયાર નથી. બીજાં કોઈ હથિયાર વાપરો ને ! એને બેસાડીને એમને સમજાવીએ, વિચારણા કરવા કહીએ, તો બધું ઠેકાણે આવી જાય.

### લોકોના મોઢે તાળા દેવાય ?

**પ્રશ્નકર્તા :** કોઈ આપણને ક્રોધ કરે, એટલે આપણે એને જતો કરીએ તો એ એમ કહે કે આ તો સાવ ઢીલો છે.

**દાદાશ્રી :** તો પછી મારવો એને, બહાદુરી બતાવવી. મુંબઇ શહેરમાં (લૂંટારું) મળે છે, મોટરમાં ઉતારી પાડી, હોય તે આપી દે બધું કહે ત્યારે ત્યાં બહાદુરી દેખાડે ? શું થાય ? લોકો તરત આપી દે છે. શાથી બહાદુરી નહીં દેખાડતાં ? બધું ઢીલું જ છે ને જગત ! ત્યાં તો કલેક્ટર હોય તોય આપી દે. આમ રોફ મારતો હોય. મોટો મેજિસ્ટ્રેટ હોય તોય આપી દે. આમ રોફ મારે. બધું ઢીલું જ છે જગત. તમે ઢીલા છો, એવું કહે ?

**પ્રશ્નકર્તા :** આ તો હું તમને અનુભવની વાત કહું છું. આપણે આ સમભાવે નિકાલ કરવાનો નિયમ રાખ્યો હોય, તે આપણું બધું લેટ ગો કરીએ તો કોઈ કહેશે, આ ચંદુભાઈ ઢીલા પડી ગયા.

**દાદાશ્રી :** લોક તો કહે, અજ્ઞાની ફાવે એવું બોલે. મોક્ષે જવું હોય તો લોકોની વાતો સાંભળી ગભરામણ ના કરાય.

### કોનું ધાર્યું થાય ?

**પ્રશ્નકર્તા :** ઘરમાં કે બહાર ફ્રેન્ડસમાં બધે દરેકના મત જુદા જુદા હોય અને એમાં આપણા ધાર્યા પ્રમાણે ના થાય, તો પછી આપણને ક્રોધ કેમ આવે ? ત્યારે શું કરવું ?

**દાદાશ્રી :** બધા માણસ પોતાના ધાર્યા પ્રમાણે કરવા જાય, તો શું થાય ? આવો વિચાર જ કેમ આવે તે ? તરત જ વિચાર આવવો જોઈએ કે બધાય જો એના ધાર્યા પ્રમાણે કરવા જશે તો અહીં આગળ વાસણો તોડી નાખશે સામસામી અને ખાવાનું નહીં

રહે. માટે ધાર્યા પ્રમાણે કોઈ દા'ડો કરવું નહીં. ધારવું જ નહીં, એટલે ખોટું પડે જ નહીં. જેને ગરજ હોય તે ધારશે, એવું રાખવું.

**પ્રશ્નકર્તા :** આપણે ગમે એટલા શાંત રહીએ પણ પુરુષો ક્રોધ કરે તો આપણે શું કરવું ?

**દાદાશ્રી :** એ ક્રોધ કરે ને વઢંવઢા કરવી હોય તો આપણેય ક્રોધ કરવો, નહીં તો બંધ કરવું. ફિલ્મ બંધ કરવી હોય તો ઠંડું પડી જવું. ફિલ્મ બંધ ના કરવી હોય તો આખી રાત ચાલવા દેવી. કોણ ના પાડે છે ? ગમે છે ખરી, ફિલ્મ ?

**પ્રશ્નકર્તા :** ના, ફિલ્મ નથી ગમતી.

**દાદાશ્રી :** ક્રોધ કરીને શું કરવાનું ? એ માણસ પોતે ક્રોધ કરતો નથી, આ તો મિકેનિકલ એડજસ્ટમેન્ટ ક્રોધ કરે છે. તેથી પોતાને પછી મનમાં પસ્તાવો થાય કે આ ક્રોધ ના કર્યો હોત તો સારો.

## સમતા એ જ ઉપાય

**દાદાશ્રી :** છોકરો પજવતો નથી એકુય ? છોકરો પજવે છે ?

**પ્રશ્નકર્તા :** એ તો બધું ચાલ્યા કરે, સંસાર છે એટલે.

**દાદાશ્રી :** ના પણ એ ચાલ્યા કરે તેનો વાંધો નથી, પજવે તે ઘડીએ તમને શું ભાવ ઉત્પન્ન થાય મહીં ?

**પ્રશ્નકર્તા :** ક્રોધ થઈ જાય.

**દાદાશ્રી :** પછી ધણી જોડે ભાંજગડ પડે ત્યારે શું થાય છે ? ધણી જોડે ભાંજગડમાં વાસણ તો અથડાઈ પડે ને ?

**પ્રશ્નકર્તા :** મહીંથી ક્રોધ થાય, પણ બહારથી સમતા રાખવી પડે છે.

**દાદાશ્રી :** મહીંથી પણ ક્રોધ થયો ને ? બહારથી તો સમતા ના રાખે તો પાછું મારંમારા થાય. પેલા લાકડી લઈને આવે ને આયે લાકડી લઈને ! બહારથી સમતા તો રાખવી જ પડે ને ? નહીં તો પોલીસવાળા આવે. પાછા પોલીસવાળા કહેશે, ક્યા હૈ તુમ્હારે ઈધર ?

**પ્રશ્નકર્તા :** બહુ એવો મોટો પ્રસંગ નથી આવતો.

**દાદાશ્રી :** ક્રોધ એ તો નિર્બળતા છે. છતાંય સ્ત્રીઓને ક્રોધ મોડો થાય છે ને પુરુષોને ક્રોધ વહેલો થાય છે. તો પુરુષો વધારે નિર્બળ છે ? ત્યારે કહે, ના, પુરુષો વધારે નિર્બળ નથી, સ્ત્રીઓ વધારે નિર્બળ છે. કારણ કે સ્ત્રીઓ વધારે અજાગૃત છે. પુરુષો જાગૃત હોવા છતાંય નિર્બળ છે. અને એ જાગૃતિ સંપૂર્ણ વધી જાય એટલે પછી એ નિર્બળતા ખલાસ થઈ જાય. જાગૃતિની જ જરૂર છે. સ્ત્રીઓ તો સ્વભાવિક રીતે અજાગૃત જ હોય. પુરુષને તો જાગૃતિ વધારે હોય એટલે પુરુષ બહુ અકળાઈ જાય.

## ગરમ થાય એના ઘાટ ઘડાય

**પ્રશ્નકર્તા :** મારી બેનપણીએ પ્રશ્ન પૂછાવ્યો છે કે તેના પતિ હંમેશા તેના ઉપર ગુસ્સો થાય છે, તો એનું શું કારણ હશે ?

**દાદાશ્રી :** તે સારું, લોકો ગુસ્સો થાય, તેના કરતાં પતિ થાય એ સારું. ઘરનાં માણસ છે ને !

એવું છે, આ લુહાર લોકો જાડું લોખંડ હોય અને એને વાળવું હોય તો ગરમ કરે. શું કામ કરે ? આમ ઠંડું ના વળે એવું હોય, તો લોખંડને ગરમ કરીને પછી વાળે. તે પછી બે હથોડીઓ મારે એટલામાં વળી જાય. આપણે જેવું બનાવવું હોય ને એવું બની જાય. દરેક વસ્તુ ગરમ થાય એટલે વળે જ હંમેશાં. જેટલી ગરમી એટલો નબળો અને નબળો એટલે એક-બે હથોડી મારી કે આપણે એ ધણીની જેવી ડિઝાઈન આપણે જોઈતી હોય, એવી ડિઝાઈન કરી નાખવી જોઈએ.

**પ્રશ્નકર્તા :** પણ સામે આપણે ગુસ્સે થઈ જઈએ તો ડિઝાઈન ના થાય ને !

**દાદાશ્રી :** આપણે ગુસ્સે થવાની શી જરૂર છે ? નહીં તો ડિઝાઈન આપણી કરી નાખે, એના કરતાં આપણે...

**પ્રશ્નકર્તા :** કેવી ડિઝાઈન કરવી જોઈએ, દાદા ? હાથમાં આવ્યા પછી શું ?

**દાદાશ્રી :** આપણે જેવી બનાવવી હોય એવી ડિઝાઈન બને. એના ધણીને પોપટ જેવો બનાવી દે. 'આયારામ' બઈ કહેશે ત્યારે એય કહેશે, 'આયારામ'. 'ગયારામ' કહેશે. ત્યારે કહે, 'ગયારામ'. એવો પોપટ જેવો બની જશે, પણ લોકો હથોડી મારવાનું જાણતાં નથી ને ! એ બધું નબળાઈ છે, ગુસ્સો થઈ જવો એ નબળાઈઓ છે બધી.

**પ્રશ્નકર્તા :** હવે રસ્તો ખુલ્લો કરી નાખ્યો.

**દાદાશ્રી :** હવે રસ્તો સરસ બતાડી દીધો, હા. આ તો પછી એ જાણીજોઈને ગરમ થતો હોય તો વગર કામનાં ત્યાં શું કરવાં આપણે કકળાટ કરવો ? પેલા લુહારને ગરમ કર્યા વગર સળિયો ગરમ થતો હોય, તો લુહારનું સારું થયું. ગરમ કર્યા વગર પછી ઠોકે બે હથોડી એટલે આમ વાંકો તે વળી ગયો, ડિઝાઈનમાં (જેવો જોઈએ તેવો) થાય ! પાછું આપણે કહેવુંય ખરું કે આવું આ દાદાજી કાયદો કહેતા હતા. માટે ગરમ થશે તો તમારે વળવું પડશે, એના કરતાં પાંસરા રહોને, કહીએ.

**પ્રશ્નકર્તા :** જો એવું કહીએને તો એમ કહે કે 'હું તારો ગુલામ છું ?' એવું સાંભળવાનું આવે.

**દાદાશ્રી :** નહીં, ગુલામ નહીં, તમે મારા બોસ છો, કહીએ. પણ હું ડિઝાઈન તમારી કરી નાખીશ, કહીએ.

લોઢાને ગરમ કરે તો પછી એકાદ હથોડી મારે, તે મારે, બસ. બીજું શું જોઈએ તે ? ગરમ થયેલું વળે. જે ગરમ થાય ને એ નરમ થાય અને નરમ થાય એટલે વળે.

### ગાડી ગરમ થાય ત્યાં શું કરે ?

**પ્રશ્નકર્તા :** કોઇ ગુસ્સો કરે તો આપણે શું કરવું જોઇએ ? કંઇ નહીં કે ગુસ્સો હોવો જ નહીં જોઇએ ?

**દાદાશ્રી :** આ બસમાં બેસીએ, આ વાનમાં બેસીએ છીએ, તે ઘડીએ આ ગુસ્સો કરે છે, ગરમ થઇ જાય છે, તે આપણે શું કરીએ છીએ ?

**પ્રશ્નકર્તા :** કંઇ નહીં.

**દાદાશ્રી :** એવું ! વાન ગરમ થઇ ગઇ છે.

**પ્રશ્નકર્તા :** મારા પર કોઇ ગુસ્સો કરે તો, મને ગમે નહીં અને ઊલટો પાછો હું ગુસ્સો કરું.

**દાદાશ્રી :** તું હઉ કરું ?

**પ્રશ્નકર્તા :** હંઅ. એટલે મનમાં તો બહુ થાય.

**દાદાશ્રી :** તે બેઉ જોયા કરવાનું, કે આ ગાડીએ ગુસ્સે થઇ ને પેલી ગાડીએ ગુસ્સે થઇ.

આ ગાડી ગરમ થઇ જાય તો શું કરીએ આપણે ?

**પ્રશ્નકર્તા :** કંઇ નહીં કરીએ, આપણે જોયા કરીએ.

**દાદાશ્રી :** બસ ત્યારે. આ બધી ગાડીઓ અંદર ફરી રહી છે. અને જે ગાડી સ્વરૂપે નથી એ ગરમ ના થાય.

**પ્રશ્નકર્તા :** એને ઠંડા પાડવાનો ઉપાય શું ?

**દાદાશ્રી :** એ વળી મશીન ગરમ થયું હોય, એને ઠંડું પાડવું હોય તો એની મેળે થોડી વાર રહેવા દે, એટલે મશીન ટાઢું પડી જાય અને હાથ અડાડીએ અને ગોદા મારીએ તો દઝાઈ મરીએ આપણે.

### એનાથી ફાયદો શું ?

**દાદાશ્રી :** કોઇ દા'ડો ભૂલ કાઢો છો એની કે દરરોજ ?

**પ્રશ્નકર્તા :** દરરોજ.

**દાદાશ્રી :** ભૂલ ના કઢાય. ભૂલ કઢાતી હશે ? કોઇ મિત્ર હોય તેની ભૂલ બહુ કાઢીએ તો મિત્રપણું છૂટી જાય.

**પ્રશ્નકર્તા :** આ મિત્ર નથી ને, આ તો બૈરી છે.

**દાદાશ્રી :** એટલે ખીલે બાંધેલી છે એટલે. અને પેલો ખીલે બાંધેલો નહીં.

**પ્રશ્નકર્તા :** એકવાર ભૂલ કરે તો ચલાવી લઇએ અને બીજીવાર જ્યારે એજ ભૂલ ફરીથી કરે તો પછી એમાં ગુસ્સે થઇ જવાય આપણાથી.

**દાદાશ્રી :** ગુસ્સે તમે થાવ છો ને ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** પણ ભૂલ એ કરે અને તમે શું કરવા નબળા થાવ છો ? ભૂલ એ કરે ને નબળા તમે થાવ છો ?

**પ્રશ્નકર્તા :** હા, પણ ભૂલને લીધે આપણે બધાએ સહન કરવું પડે.

**દાદાશ્રી :** ના, પણ તમે નબળા શું કરવા થાવ છો ? આપણે ગુસ્સે નહીં ભરાવું ને જોયા કરવાનું એટલે એને મનમાં ભય લાગે કે આ જુઓને બોલતા નથી ! કેવા સારા માણસ છે ! આવો ધણી ફરી નહીં મળે ! 'હે ભગવાન ! આવા ધણી સાત અવતાર સુધી આપજે' કહે.

### ફ્રેન્ડશીપ રાખી ટાળો ક્રોધ

**પ્રશ્નકર્તા :** આપણે ક્રોધ કોની ઉપર કરીએ, ઓફિસમાં સેક્રેટરી ઉપર ક્રોધ ના કરીએ અને હોસ્પિટલમાં નર્સ ઉપર ના કરીએ પણ ખાસ તો ઘરમાં વાઈફની ઉપર આપણે ક્રોધ કરીએ.

**દાદાશ્રી :** એટલાં માટે તો બધા સો જણા બેઠા હોય ને, જ્યારે સાંભળતા હોય ને, ત્યારે બધાને કહું છું કે ત્યાં આગળ બોસ ટૈડકાવતો હોય, અગર તો બીજો કંઈ વઢતો હોય, એ બધાનો ક્રોધ એ ઘરમાં અહીં વાઈફ પર કાઢે છે લોકો. એટલે મારે કહેવું પડે છે કે અલ્યા મૂઆ, બૈરીને શું કરવા વઢો છો, બિચારીને ? વગર કામના બૈરીને વઢો છો ? બહાર કોઈ ટૈડકાવે તો એને બાઝોને, અહીં શું કરવા બાઝો છો બિચારીને ?

આ તો આખો દહાડો ક્રોધ કરે. ગાયો-ભેંસો સારી, ક્રોધ નથી કરતી. જીવન કંઈ શાંતિમાં તો હોવું જોઈએ ને ? નબળાઈવાળું ના હોવું જોઈએ. આ ક્રોધ વારે ઘડીએ થઈ જાય છે ! તમે ગાડીમાં આવ્યા ને ? તે ગાડી આખે રસ્તે ક્રોધ કરે તો શું થાય ?

**પ્રશ્નકર્તા :** તો અહીંયા અવાય જ નહીં.

**દાદાશ્રી :** ત્યારે આ તમે ક્રોધ કરો તો શી રીતે એની ગાડી ચાલતી હશે ? તું ક્રોધ તો નથી કરતી ?

**પ્રશ્નકર્તા :** કો'ક વાર થઈ જાય.

**દાદાશ્રી :** અને જો બેઉનું થાય તો પછી રહ્યું જ શું ?

**પ્રશ્નકર્તા :** પતિ-પત્ની વચ્ચે થોડો ક્રોધ તો હોવો જ જોઈએ ને ?

**દાદાશ્રી :** ના, એવો કંઈ કાયદો નથી. પતિ-પત્નીમાં તો બહુ શાંતિ રહેવી જોઈએ. આ દુઃખ થાય એ પતિ-પત્ની જ ન હોય. સાચી ફ્રેન્ડશીપમાં દુઃખ થતું નથી. તો આ તો મોટામાં મોટી ફ્રેન્ડશીપ કહેવાય ! અહીં ક્રોધ ના થાય. આ તો લોકોએ ઠોકી બેસાડેલું, પોતાને થાય એટલે ઠોકી બેસાડેલું. કાયદો આવો જ છે, કહેશે ! પતિ-પત્નીમાં તો બિલકુલ દુઃખ ના થવું જોઈએ, બીજે બધે થાય.

## ગુસ્સાથી ફાયદો શો ?

ઘરમાં ગુસ્સો કરીને શું ફાયદો ? ઘરનાં તો સારું સારું કરીને ખવડાવે છે, ત્યાં ગુસ્સો કરાય ?

**પ્રશ્નકર્તા :** તે સમજું છું પણ તોય થાય તો શું કરવું ?

**દાદાશ્રી :** ઘરમાં વહુને કહેવું કે ગુસ્સો કરું ત્યારે ત્રણ દા'ડા સુધી મને ખાવાનું ના આપીશ. ગુસ્સો આજે જેની પર કર્યો તેથી શો ફાયદો થયો તેનો હિસાબ કાઢે તો બીજે દહાડે ઓછો થઈ જાય. અને વાઈફ કહે કે છોકરા પર ગુસ્સે ના થશો તો બાપ કહે કે છોકરા પર ગુસ્સે થવા જેવું જ છે, તે ગુસ્સો વધે. વિચારે કરીને ગુસ્સો જાય.

કોઈ સામેથી ઊંધે રસ્તે આવતો હોય તો ગાડી અથડાવો નહીંને, ચોક્કસ ! તે ગાડી અથાડવી અને ક્રોધ કરવો બે સરખું છે. પેલું ફળ આંખે દેખાય છે અને આ ફળ દેખાતું નથી, એટલે મનમાં એમ થાય કે 'શું થઇ ગયું ?' પેલો પકડાયો નથી. મૂઆ ત્યાં પકડાઇ ગયો... એ બીજ ઊગશે ને, ત્યારે ખબર પડશે. ગુસ્સો કરવો એના જેવું કોઇ ભયંકર કર્મ નથી. અને જો એ કહે કે 'મને ગુસ્સાની ટેવ પડી ગઇ છે.' તો છે તે ઉપરથી ઢેખાળો પડે છે ત્યાં કેમ નથી કરતો ? પોલીસવાળા જોડે કેમ નથી કરતો ? પોલીસવાળો કહે, 'ખડે રહો.' એટલે ગુસ્સાવાળો બહાના કાઢતો હોય તો એને બાંધવો જોઇએ. એક થાંભલે બાંધીને બાર કલાક સુધી એકલાં રાખવા, ચા-પાણી વગરનાં... પછી એમને ભાન થાય કે આનું ફળ આવું મળે.

## મનાવીને પણ ટાળો ક્રોધ

તે એક મિયાંભાઈ હતા. તે ઓળખાણવાળા હતા. તે મને હંમેશાં કહે છે, સાહેબ મારે ત્યાં એક ફેરો આવજોને ! એ કડિયા કામ કરતો હતો. તે એક ફેરો ત્યાંથી જતો હતો ત્યારે ભેગો થયો તો કહે છે, હેંડો મારે ત્યાં જરાક. તો ત્યાં એને ઘેર ગયા. ત્યારે મેં કહ્યું, અલ્યા, બે રૂમોમાં તને ફાવે છે, બળ્યું ! તો એ કહે છે, હું તો કડિયો કહેવાઉં ને ! આ તો અમારા વખતના સારા જમાનાની વાત કરું છું. અત્યારે તો એક રૂમમાં રહેવું પડે પણ સારા જમાનામાં પણ બે રૂમ બિચારાને હતી ! પછી મેં કહ્યું, અલ્યા, આ બીબી પજવતી નથી કે તને ? ત્યારે કહે છે, બીબીને તો ક્રોધ થઈ જાય પણ હું ક્રોધ ના કરું. મેં કહ્યું, કેમ એમ ? ત્યારે કહે છે, તો તો પછી એ ક્રોધ કરે અને હુંય ક્રોધ કરું, પછી આ બે રૂમોમાં એ ક્યાં સૂઈ જાય ને હું ક્યાં સૂઈ જઉં ? એ અવળી ફરીને સૂઈ જાય, હું અવળો ફરીને સૂઈ જઉં, એમાં તો સવારમાં ચાય સારી ના મળે મને તો. એ જ મને સુખ આપનારી છે, એને લીધે સુખ છે મારું ! મેં કહ્યું, બીબી કોઈ વખત ક્રોધ કરે તો ? ત્યારે કહે, એને મનાવી લઉં. યાર જાને દે ને ! મેરી હાલત મૈં જાનતા હું, એમ તેમ કરીને મનાવી લઉં. પણ એને ખુશ રાખું. બહાર મારીને આવું પણ ઘરમાં ના મારું. તે આપણા લોકો બહાર માર ખઈને આવે ને ઘરમાં મારે.

## સીધા કરવું કે સીધા થવું ?

દરેક વાતમાં આપણે સામાને 'એડજસ્ટ' થઇ જઇએ તો કેટલું બધું સરળ થઇ જાય ! આપણે જોડે શું લઇ જવાનું છે ? કોઇ કહેશે કે 'ભાઇ, એને સીધી કરો.' 'અરે, એને સીધી કરવા જઇશ તો તું વાંકો થઇ જઇશ.' માટે 'વાઇફ'ને સીધી કરવા જશો નહીં. જેવી હોય તેને કરેક્ટ કહીએ. આપણે એની જોડે કાયમનું સાઢું-સહિયારું હોય તો જુદી વાત છે, આ તો એક અવતાર પછી તો ક્યાંય વિખરાઇ પડશે ! બંનેના મરણકાળ જુદા, બંનેનાં કરમ જુદાં ! કશું લેવાય નહીં ને દેવાય નહીં ! અહીંથી તે કોને ત્યાં જશે તેની શી ખબર ? આપણે સીધી કરીએ ને આવતા જન્મે જાય કો'કને ભાગે !

**પ્રશ્નકર્તા :** એની જોડે કર્મ બંધાયાં હોય તો બીજા અવતારમાં ભેગાં તો થાય ને ?

**દાદાશ્રી :** ભેગાં થાય પણ બીજી રીતે ભેગાં

થાય. કો'કની ઔરત થઈને આપણે ત્યાં વાતો કરવા આવે. કર્મના નિયમ ખરા ને ! આ તો ઠામ નહીં ને ઠેકાણુંય નહીં. કો'ક પુણ્યશાળી માણસ એવો હોય કે જે અમુક ભવ જોડે રહે. જુઓને નેમિનાથ ભગવાન, રાજુલ સાથે નવ ભવથી જોડે ને જોડે જ હતા ને ! એવું હોય તો વાત જુદી છે. આ તો બીજા ભવનું જ ઠેકાણું નથી. અરે, આ ભવમાં જ જતા રહે છે ને ! એને 'ડાયવોર્સ' કહે છે ને ? આ ભવમાં જ બે ધણી કરે, ત્રણ ધણી કરે !

### સીધા થવાનો સરળ માર્ગ

માટે તમારે એમને સીધાં કરવા નહીં, એ તમને સીધા કરે નહીં. જેવું મળ્યું એવું સોનાનું. પ્રકૃતિ કોઈની કોઈ દહાડો સીધી થાય નહીં. કૂતરાની પૂંછડી વાંકી ને વાંકી જ રહે એટલે આપણે ચેતીને ચાલીએ. જેવી હો તે ભલે હો, 'એડજસ્ટ એવરીવ્હેર'.

ટૈડકાવાની જગ્યાએ તમે ના ટૈડકાવી તેનાથી 'વાઈફ' વધારે સીધી રહે. જે ગુસ્સો નથી કરતો એનો તાપ બહુ સખત હોય. આ અમે કોઈને કોઈ દહાડોય વઢતા નથી, છતાં અમારો તાપ બહુ લાગે.

**પ્રશ્નકર્તા :** તો પછી એ સીધી થઈ જાય ?

**દાદાશ્રી :** સીધા થવાનો માર્ગ જ પહેલેથી આ છે. તે કળિયુગમાં લોકોને પોષાતું નથી. પણ એના વગર છૂટકો નથી.

**પ્રશ્નકર્તા :** પણ એ અઘરું બહુ છે.

**દાદાશ્રી :** ના, ના, એ અઘરું નથી, એ જ સહેલું છે. ગાયનાં શિંગડા ગાયને ભારે.

**પ્રશ્નકર્તા :** આપણને પણ એ મારે ને ?

**દાદાશ્રી :** કો'ક દહાડો આપણને વાગી જાય. શિંગડું વાગવા આવે તો આપણે આમ ખસી જઈએ, તેવું અહીં પણ ખસી જવાનું ! આ તો વાંધો ક્યાં આવે છે ? મારી પૈણેલી ને મારી 'વાઈફ'. અરે, ન્હોય 'વાઈફ'. આ 'હસબન્ડ' જ નથી તો પછી 'વાઈફ' હોતી હશે ? આ તો અનાડીના ખેલ છે ! આર્યપ્રજા ક્યાં રહી છે અત્યારે ?

### કહેવું પણ પ્રેમથી

**પ્રશ્નકર્તા :** આપણી એકદમ નજીકનું કોઈ સગું છે. ઘરમાં આપણી જવાબદારી છે. એનું કોઈ પણ વર્તન ખરાબ હોય તો આપણે એને સુધારવા માટે કહીએ, એનું સારું કરવા માટે એને કહીએ તો ઊલટું આપણી ઉપર જ આવી જાય. એ પોતે સમજે છે કે આ ઘરમાં મારા વડીલ છે, મારા સારા માટે કહે છે, મને સુધારવા માટે કહે છે. છતાંય પણ જ્યારે કહીએ ત્યારે એનાથી આપણા સામે વર્તન ઊંધું જ થઈ જાય.

**દાદાશ્રી :** એ આપણને કહેતા આવડતું નથી એટલે. સામી વ્યક્તિની જોખમદારી નથી. આપણને કહેતાં ના આવડે પછી એ તો એવું જ થાય ને !

**પ્રશ્નકર્તા :** પણ દરેક માણસને જે જે કહેવાનું છે, એ એની કેપેસીટી જે હોય એ આધારે જ કહેવાઈ જાય છે.

**દાદાશ્રી :** હા, પણ કલેક્ટરની માફક કહો એટલે પછી એ એવું જ કરે ને ! તમે જાણે કલેક્ટર હો એવી રીતે કહો. એટલે એવું જ થઈ જાય ને ! તમે કારકુનની પેઠ કહો, તો એને સારું લાગે. તો એ વાત સાંભળે. તમને કેમ લાગે છે ? કલેક્ટરની પેઠ કહો એટલે વાંધા જ પડે ને ! હવે આ દેવતાને આપણે અડીએ અને એને ઓળખી જઈએ કે આ તો અડાય એવો છે જ નહીં, તો પછી આપણે ફરી એને અડવું જોઈએ ?

**પ્રશ્નકર્તા :** ના, અડકાય નહીં.

**દાદાશ્રી :** તો પછી, જેમ દેવતાને માટે શું કરીએ છીએ ? ચીપિયાથી પછી પકડીએ છીએ ને ? એ ચીપિયો રાખો છો ને, તમે ? ચીપિયો નથી રાખતા ? ત્યારે એમને એમ દેવતા હાથમાં ઝાલવા જઈએ તો શું થાય ?

**પ્રશ્નકર્તા :** દાઝી જ જવાય.

**દાદાશ્રી :** એટલે ચીપિયો રાખવો પડે.

**પ્રશ્નકર્તા :** તો એ કઈ જાતનો ચીપિયો રાખવો જોઈએ ?

**દાદાશ્રી :** આપણા ઘરનો એક માણસ ચીપિયા જેવો છે, એ પોતે દાઝતો નથી અને સામા દાઝેલાને પકડે છે, એને બોલાવીએ ને કહીએ કે 'ભઈ, આની જોડે હું વાત કરું ને, ત્યારે તું તે ઘડીએ ટાપશી પૂરવા લાગજે.' એટલે પછી એ રાગે પાડી આપશે. કંઈક રસ્તો કરવો પડે. એમને એમ દેવતાને હાથે પકડવા જઈએ તો શું થાય ?

**પ્રશ્નકર્તા :** હા, એ બરોબર છે. પણ મારી જોડે ઊંધું વર્તન કર્યા પછી એને દુઃખ થાય છે કે મેં ખોટું કર્યું છે. આ ઘરમાં મોટા છે અને એમનો મારા ઉપર પ્રેમ છે, એટલે મને એ સુધારવા માંગે છે. એવું એ સમજે છે, છતાંય એનું વર્તન તો એવું ને એવું જ થાય છે.

**દાદાશ્રી :** હા, પ્રેમ છે અને હિતની વાત કરે છે. એવુંય સમજે છે, પણ આ 'તારામાં અક્કલ નથી' એવું એને કેમ બોલો છો ? એની જોડે કલેક્ટરની પેઠ કેમ બોલો છો ? અમે તો પ્રેમથી કહીએ છીએ. તો (તમે પણ) પ્રેમ કેળવો ને ! આવાં સરસ સમજદાર થઈને...

**પ્રશ્નકર્તા :** એ કેવી રીતે થાય પણ ? હું એને કશુંક કહું એટલે એ ગુસ્સે થાય એટલે હું પણ ગુસ્સે થઈ જાઉં છું.

**દાદાશ્રી :** ત્યારે ગુસ્સે થઈ જાવ છો, એટલે પછી નબળાઈ હોય ત્યાં સુધી શું થાય તે ? મને તો કોઈ કહે, દાદાજી, તમારામાં અક્કલ નથી. તો હું કહું, 'બેસ, બરાબર છે તારી વાત.' કારણ કે એને સમજણ ના હોય તો એવું બોલે ને ! અને પછી પસ્તાય પાછો. એ કહેશે કે, 'મારાથી આ ના બોલાવું જોઈએ તોય બોલાયું.' એ પસ્તાય.

## અસર તો ભોગવ્યે જ છૂટકો

**પ્રશ્નકર્તા :** સામાના સારા માટે ગુસ્સો કરીએ તો એનો ભોગવટો બહુ ભોગવવો પડે છે, તે શું ?

**દાદાશ્રી :** અસર ભોગવવી પડેને ! શિયાળાને દહાડે પંખો ચલાવીએ, આપણે ઘરનો પંખો હોય તો શું કરે ? ઈલેક્ટ્રિકના પૈસા ભરવાના અને શિયાળામાં બાળી મેલે (ઠંડી લગાડે) આપણને ઘરનો પંખો, પૈસા ભરીએ તોયે બાળી મેલે આપણને.

એ તો આપણે સમજવું જોઈએ. આ તમને બાળે નહીં. શાંતિ જરા ઓછી થઈ જાય પણ બાળે નહીં. એટલે ટાઈમ નકામો જાય તોય પુણ્ય બંધાય. હજુ એક અવતાર, બે અવતાર, આ તો એમને એમ અમથું, સીધું ઓછું જતું રહેવાનું છે ? પેસવા ના દે સીધેસીધું.

## સાચવો અન્ડરહેન્ડને

પોતાની જોડે કોઈ ગુસ્સો થયેલો હોય તે સહન થતું નથી અને આખો દહાડો બધા ઉપર ગુસ્સો કર્યા કરે છે. ત્યારે એ કેવી અક્કલ ! એ માનવધર્મ ના કહેવાય. પોતાની જોડે સહેજેય ગુસ્સો થયો હોય એ સહન કરી શકતો નથી, એ માણસ આખો દહાડો બધા જોડે ગુસ્સો કર્યા કરે છે, તો પેલા દબાયેલા છે એટલે જ ને ? તો દબાયેલાને મારવું એ તો બહુ મોટો ગુનો કહેવાય. ઉપરીને મારવાનું, કારણ કે ઉપરી છે, શક્તિશાળી છે. આ તો અન્ડરહેન્ડને શક્તિ છે નહીં. એટલે આખી જિંદગી મારે. અંડરહેન્ડ એટલે ગમે એવો ગુનેગાર હોય તોય મેં એને બચાવેલો. પણ ઉપરી તો, ગમે તેવો સારો હોય તોય મારે ઉપરી પોષાય નહીં અને મારે કોઈના ઉપરી થવું નથી. સારો હોય તો આપણને વાંધો નથી. પણ એનો અર્થ એ કાયમ એવો રહે નહીં ને ! એક જ ફેરો આપણને આધાશીશી ચઢે એવું બોલે. ઉપરી કોનું નામ કહેવાય કે અંડરહેન્ડને સાચવે ! તો ખરો ઉપરી તે. હું ખરો ઉપરી ખોળું છું. મારો ઉપરી થા પણ ખરો ઉપરી થા.

ડફળાવવા માટે અમે કંઈ જન્મ્યા નથી બા, તું ડફળાવું, અમે એના હારુ જન્મ્યા છીએ ? એવું તે શું આપી દેવાનો ?

અને તમારે ત્યાં કોઈ નોકરી કરતું હોય તો તેને ક્યારેય પણ તરછોડશો નહીં, છંછેડશો નહીં. બધાને માનભેર રાખશો. કો'ક માણસથી શોય લાભ થઈ જાય !

## પ્રેમથી જીતાશે, કડવાશથી નહીં

**પ્રશ્નકર્તા :** સંસારમાં રહ્યા પછી કેટલીક જવાબદારીઓ બજાવવી પડે છે અને જવાબદારીઓ અદા કરવી એ એક ધર્મ છે. એ ધર્મ બજાવતાં કારણે કે અકારણે કટુ વચન બોલવાં પડે, તો એ પાપ કે દોષ છે ?

**દાદાશ્રી :** એવું છે ને, કડવું વચન બોલીએ તે ઘડીએ આપણું મોઢું કેવું થઈ જાય ? ગુલાબના ફૂલ જેવું, નહીં ? આપણું મોઢું બગડે તો જાણવું કે પાપ લાગ્યું. આપણું મોઢું બગડે એવી વાણી નીકળી ત્યાં જ જાણવું કે પાપ લાગ્યું. કડવા વચન ના બોલાય, ધીમે રહીને આસ્તે રહીને બોલો. થોડાં વાક્યો બોલો પણ આસ્તે રહીને સમજીને કહો, પ્રેમ રાખો, એક દહાડો જીતી શકશો. કડવાશથી જીતી નહીં શકો. પણ એ સામો થશે ને અવળા પરિણામ બાંધશે. એ છોકરો અવળાં પરિણામ બાંધે. 'અત્યારે તો નાની ઉંમરનો છું તે મને આવું ટૈડકાવે છે. મોટી ઉંમરનો થઈશ એટલે આપીશ.' એવા પરિણામ મહીં બાંધે. માટે આવું ના કરો, એને સમજાવો. એક દહાડો પ્રેમ જીતશે. બે દહાડામાં જ એનું ફળ નહીં આવે. દશ દહાડે, પંદર દહાડે, મહિના સુધી પ્રેમ રાખ્યા કરો. જુઓ, આ પ્રેમનું શું ફળ આવે એ તો જુઓ. તમને ગમી આ વાત ? કડવું વચન બોલીએ તો આપણું મોઢું ના બગડી જાય ?

**પ્રશ્નકર્તા :** આપણે અનેકવાર સમજાવીએ, છતાં એ ના સમજે તો શું કરવું ?

**દાદાશ્રી :** સમજાવવાની જરૂર જ નથી. પ્રેમ રાખો છતાં આપણે એને સમજણ પાડીએ ધીમે રહીને. આપણા પડોશીનેય એવું કડવું વચન બોલીએ છીએ આપણે ?

**પ્રશ્નકર્તા :** પણ એવી ધીરજ હોવી જોઈએ ને ?

**દાદાશ્રી :** હમણે ડુંગર ઉપરથી ઢેખાળો પડે ને એ તમારા માથે પડે તો તમે ઉપર જોઈ લો ને પછી કોની ઉપર ક્રોધ કરો ? તે ઘડીએ શાંત રહો ને ? કોઈ દેખાય નહીં એટલે આપણે જાણીએ કે આ કોઈએ નથી નાખ્યો માટે એની મેળે પડ્યો છે. એટલે એનો આપણે ગુનો નથી ગણતા. ત્યારે પેલોય એની મેળે જ પડે છે. એ તો નાખનાર તો વ્યક્તિ દેખાય છે એટલું જ છે. બાકી એની મેળે જ પડે છે. તમારા જ હિસાબ ચૂકતે થાય છે બધા. આ દુનિયામાં બધા હિસાબ ચૂકતે થઈ રહ્યા છે. નવા હિસાબ બંધાઈ રહ્યા છે ને જૂના હિસાબ ચૂકતે થઈ રહ્યા છે. માટે સીધું બોલજો છોકરાં જોડે, સારી ભાષા બોલજો.

## લાવો ઉકેલ સમાધાનપૂર્વક

**પ્રશ્નકર્તા :** ઘણાને એવી બીલિફ હોય છે કે છોકરાંને મારીએ તો જ સીધાં થાય, નહીં તો બગડી જાય. આપણે મારીને ધાકમાં રાખવાં જ જોઈએ, તો જ છોકરાં પાંસરા ચાલે, એ શું બરોબર છે ?

**દાદાશ્રી :** જ્યાં સુધી મારવા જેવી એની ઉંમર હોય ત્યાં સુધી મારવા જોઈએ અને ૩૦ વર્ષની ઉંમર થઈ ને મારવા જઈએ તો ?

**પ્રશ્નકર્તા :** એ સામા આવે.

**દાદાશ્રી :** માટે અમે એમ કહીએ કે મારજો અને એમેય કહીએ કે ના મારજો. જ્યાં સુધી ખમી શકે એવો એનો અહંકાર જાગૃત થયો નથી, ત્યાં સુધી છેવટે મારીને પણ સીધા રાખવાં જોઈએ. નહીં તો અવળે રસ્તે જાય.

ખરી રીતે સીધા કરતાં લોકોને આવડતાં નથી. એવું જ્ઞાન નહીં હોવાથી એ આવડતું નથી. નહીં તો છોકરાંને સીધા કરવા માટે પ્રેમના જેવું તો ઔષધ જ નથી. પણ એવો પ્રેમ રહે નહીંને, માણસને ગુસ્સો જ આવેને ! છતાં એ ગુસ્સો કરીને, મારીનેય એને સવળે રસ્તે લાવે છે એ સારું છે. નહીં તો એ અવળે રસ્તે ચાલ્યો જાય. કારણ કે એને જ્ઞાન જ નથી અને ૩૦ વર્ષની ઉંમરનાને આપણે મારીએ તો એ સામો થાય. તે જ્યાં સુધી આપણું ચાલે ત્યાં સુધી કરી લેવું. ના ચાલે તો પડતું મેલવું.

**પ્રશ્નકર્તા :** પણ કહ્યું માને નહીં, એટલે કોઈ વખત મારવાં પડે બાળકોને !

**દાદાશ્રી :** ના માને, તે મારવાથી કઈ માની જાય છે ? એ તો મનમાં રીસ રાખે મોટો થઈશ ત્યારે મારી મમ્મીને જોઈ લઈશ, કહેશે. મનમાં રીસ રાખે જ, દરેક જીવ રીસ રાખે જ ! પોતે હંમેશાં સમાધાનીપૂર્વક કાર્ય કરો, દરેક કાર્ય ! મારવું હોય તો કહેવું, 'ભઈ, તું કહેતો હોય તો તને મારું, નહીં તો નહીં મારું.' એ કહે કે 'મને મારો' તો મારો, સમાધાનપૂર્વક મરાય. એવું કંઈ મરાતું હશે ? નહીં તો એ વેર બાંધે ! એને ના ગમતું હોય ને તમે મારો તો વેર બાંધે. નાનો હોય ત્યારે વેર ના બાંધે, પણ મનમાં નક્કી કરે કે આ હું મોટો થઈશ ને મમ્મીને મારીશ !

**પ્રશ્નકર્તા :** પણ દાદા, મારી બેબી એને તો આપણે વઢીએ તો કશું નહીં, સેકન્ડમાં બધું ભૂલી જાય.

**દાદાશ્રી :** એ ભૂલી જાય છે, તે કંઈ એટલી ચાલાકી ઓછી છે. ચંચળતા ઓછી છે જરા, એટલે ભૂલી જાય. પણ ચંચળ માણસો બહુ ઊગ્ર હોય. એટલે વઢવાનું શું કામ છે હવે ? બાબાને વઢવું હોય તો કહેવું કે બોલ, તને હું વઢું ? આવું કામ કર્યું ને ખરાબ કર્યું આ. હું તને વઢું ? તો કહે, 'હા, વઢો.' તો આપણે વઢવું. એ ખુશી થઈને વઢવાનું કહે તો આપણે વઢવું.

## પરિણામ આવે તો કામનું

**પ્રશ્નકર્તા :** અમારે ઘરનાં છોકરાઓ ઉપર ક્રોધ થાય છે તો શું કરવું ?

**દાદાશ્રી :** અણસમજણથી ક્રોધ થાય છે. એને આપણે પૂછીએ કે તને બહુ મજા આવી હતી ? ત્યારે કહે, મને બહુ ખરાબ લાગ્યું મહીં, મહીં બહુ દુઃખ થતું હતું. એને દુઃખ થાય, આપણને દુઃખ થાય ! છોકરા ઉપર ચિડાવવાની જરૂર જ ક્યાં રહી પછી ? અને ચિડાવાથી સુધરતા હોય તો ચિડાવું. રિઝલ્ટ સારું આવતું હોય તો ચિડાયેલા કામનું, રિઝલ્ટ જ ના સારું આવતું હોય તો ચિડાવવાનો શો અર્થ છે ? ક્રોધ કરવાથી ફાયદો થતો હોય તો કરજે અને ફાયદો ના થતો હોય તો ક્રોધ વગર એમને એમ ચલાવી લેજે ને !

**પ્રશ્નકર્તા :** આપણે ક્રોધ ના કરીએ તો એ આપણું સાંભળે જ નહીં, ખાય જ નહીં.

**દાદાશ્રી :** ક્રોધ કર્યા પછીએ ક્યાં સાંભળે છે !

## બગડતું હોય ત્યાં શું ઉપાય ?

**પ્રશ્નકર્તા :** છોકરાંને કહીએ છીએ કે ભઈ, સવારે વહેલા ઊઠો, વહેલા ભણો. પણ આજના છોકરાઓ બધા જ મોડા ઊઠે, સૂર્યવંશી. હવે આ રોજની જ ટસલ ઘરમાં થયા કરે છે.

**દાદાશ્રી :** ને તમે કેટલા વાગે ઊઠો ?

**પ્રશ્નકર્તા :** હું તો પાંચ વાગે ઊઠું છું.

**દાદાશ્રી :** અને સાહેબ ?

**પ્રશ્નકર્તા :** સાહેબ પણ પાંચ-સાડા પાંચે.

**દાદાશ્રી :** એમ કે ! તો પછી હવે એમને, છોકરાંઓને આ સમજાવી-પટાવીને કામ લેવું પડે.

**પ્રશ્નકર્તા :** છોકરો દસ વાગતા સુધી ઊંઘી રહેતો હોય, તો મને ગુસ્સો આવે અને તેને (ગુસ્સાને) હું વ્યાજબી ગણું છું !

**દાદાશ્રી :** હા, પણ ગુસ્સો આવે તો પછી છોકરો માને નહીં. જો ગુસ્સો ના આવતો હોય તો છોકરો તમારું માન્ય રાખે. તમારી નબળાઈ દેખે એટલે એ છોકરો શું જાણે કે આમનો સ્વભાવ જ એવો છે, વિચિત્ર સ્વભાવવાળા છે અને બહાર લોકોને કહેય ખરો કે 'મારા ફાધર એટલા વિચિત્ર સ્વભાવના છે, વાત વાતમાં ચીડિયા કરે છે ! એવું બોલે એ. એ તો બાપ પ્રભાવશાળી હોવો જોઈએ ! બાપ છોકરા જોડે ગુસ્સો ના થાય ને તો છોકરો કહ્યા પ્રમાણે ચાલે જ ! આ તો ગુસ્સે થાય તે નબળાઈ દેખે છે ને એટલે ભડકે છે કે આ ક્યાં ફસાયો હું અહીં ? આવાં મા-બાપ ક્યાં મળ્યા ? એવું બધું ઠસાય મનમાં. મને છોકરા કહી દે છે કે અમારા મા-બાપ તો સાવ કંડમ (નકામા) છે ! આપણે કંડમ નહીં રહેવું જોઈએ. આપણે બિલકુલ કરેક્ટ, એટલે નબળાઈ ઉત્પન્ન ના થાય. નબળાઈ ઊભી થતી હોય તો એના કરતાં નહીં કહેવું સારું, એક જગ્યાએ બેસી રહેવું. અને કહ્યાથી સુધરતો નથી. નબળાઈ હોય ત્યાં સુધી સુધરે જ નહીં. ત્યાં સુધી તો પેલો, તમારા દેખાવ ખાતર કરે. પાછળથી મનમાં ભાવ અવળો કરે.

**પ્રશ્નકર્તા :** સમાજની વ્યવસ્થા પણ જાળવી રાખવી પડે, નહીં તો એ અવ્યવસ્થિત !

**દાદાશ્રી :** ના, એ સમાજની વ્યવસ્થા જાળવી ન કહેવાય. ના સમજવાથી પોતે ગમે તેમ વર્તે. ગુસ્સો કરવાની જરૂર નથી. સમાજ એવું નથી કહેતો કે ગુસ્સો કરો.

**પ્રશ્નકર્તા :** પણ ધારો કે અહીંયા કોઈ ગુન્ડાઓ ચોરી કરતા હોય અને પોલીસવાળા એને દંડ ના કરે તો એ ચાલે નહીંને ? દંડ તો કરવો જ જોઈએને ?

**દાદાશ્રી :** એ તો કરવું જ પડે. એમાં ચાલે જ નહીં. દંડ કરો તેનો વાંધો નહીં, પણ ગુસ્સો થવો એ વાંધો છે. નબળાઈ ના થવી જોઈએ. મારું કહેવાનું, નબળાઈ થાય તો સામા માણસ ઉપર પ્રભાવ ના પડે અને પ્રભાવ ના પડે એટલે કાર્ય થાય નહીં. કોઈ પણ કાર્ય હંમેશા પ્રભાવથી જ થાય છે. માટે આપણે વિચારી અને નબળાઈ હોય તો બોલવાનું નહીં. આવું નબળાઈથી છોકરાઓ બધા બગડી જાય છે. એમનો આવતો ભવ બગાડે છે બિચારાં. અત્યારે તો આપણા કહ્યા પ્રમાણે દોડે, પણ મનમાં ભાવ કરે કે આવું મને ખોટું કહે છે ને ઊંધે રસ્તે દોરે છે. એટલે અવળું બગાડે એનો આવતો ભવ (બગડે). એટલે આવતો ભવ ન બગડે એટલા માટે આપણે એને ધીમે રહીને કહેવું.

## કહેવાનું રાગ-દ્વેષ રહિત

**પ્રશ્નકર્તા :** તો પછી ઘરમાં અત્યારે બધા ભેગાં રહેતા હોય, તો કશું કહેવાનું નહીંને એમ ?

**દાદાશ્રી :** ના, કહેવાનું બધુંય, પણ રાગ-દ્વેષ વગરનું. સવારે કહીએ કે તમે બધા વહેલા ઊઠો તો શું ખોટું ? ત્યારે કહે, 'અમે વહેલા નથી ઊઠવાના, બહુ કચકચ ના કરીશ' ત્યારે કહેવું, 'હવે કચકચ નહીં કરું' એમ કહેવાનું આપણે, લોકો તો કચકચ કરે ને ?

**પ્રશ્નકર્તા :** અત્યારે આ બધા છોકરાઓ હોય, સ્કૂલે સાથે જવાનું હોય, ન્હાવા-ધોવાનું હોય અને એ બધા આરામથી કરતા હોયને, તો આપણે કહેવું પડે. એટલે એ કહે, તારે કશું કોઈને કહેવાનું નહીં.

**દાદાશ્રી :** એ તો કહેવું પડે ખરું, કહેવું તો પડે, હલાવું તો પડે. આપણે ઘંટ વગાડવો.

**પ્રશ્નકર્તા :** અને એ તો સવારના નીકળી જાય ને રાત્રે આવે. એટલે ઘરમાં શું આવે-જાય, ખાવા-પીવાનું પછી ખબર પડે નહીં. ત્રણ ગેલન તો દૂધ લાવવાનું રોજ. દૂધ આટલું ના હોય તો 'દૂધ નથી' બૂમાબૂમ થઈ જાય. એટલે આપણે કહેવું તો પડેને, એટલે આ મને કહે, તારે કશું કોઈને કહેવાનું નહીં એમ.

**દાદાશ્રી :** નહીં, કહેવાનું. નહીં કહેવું એય ગુનો છે અને 'કહે કહે કરવું' એય ગુનો છે. કહેવાનું અને રાગ-દ્વેષ નહીં રાખવાનો.

**પ્રશ્નકર્તા :** ના, રાગદ્વેષ તો જરાય નહીં.

**દાદાશ્રી :** 'ના કહેવું' એ એક જાતનો અહંકાર છે. જે નીકળી જાય, એ બોલી ગયા પછી પેલા કહેશે, આવું શું બોલો છો ? તો કહીએ, આ મારી ભૂલ થઈ ગઈ. હવે નહીં બોલું.

## કચકચથી બગડે બન્નેવનું

**પ્રશ્નકર્તા :** એનો અર્થ તો કે એમને એમ નક્કી થયું કે મારો કંઈ કહેવાનો અર્થ નથી, એ તો જે કરવું હશે એ કરશે. અમને આપનું જ્ઞાન મળ્યું છે અને સમજ્યા છે કે મારે કંઈ આમાં ડખોડખલ કરવાની જરૂર નથી. છોકરો એ તો એના રસ્તે જ જવાનો છે અને જે થવાનું હશે એ થશે. તો એ બરાબર જ છે ને કે જેમ થવાનું હશે એ જ થશે ?

**દાદાશ્રી :** ના, ના, એવું નહીં. એવું ના કહેવાય.

**પ્રશ્નકર્તા :** આપણે છોકરાને નથી કહેતાં. આપણે સમજીએ છીએ કે આ જે થાય છે એ વ્યવસ્થિત છે.

**દાદાશ્રી :** ના, પણ આપણે જ્યાં સુધી ભેગા હોઈએ, જુદા પડી ગયા પછી કશું વાંધો નહીં, પણ ભેગા હોય અને નાનો છોકરો એક હોટલમાં જતો હોય અને આપણા જોવામાં આવે તો એને એમ કહેવાનું કે ભઈ, આ હોટલમાં જવાથી શરીર સારું થાય ? આમતેમ સમજાવીને કહેવાનું બધું. આપણું બગાડવાનું નહીં. એનું ના બગાડાય. આપણું બગાડીએ, એ એનું બગડે. આપણે જો ગુસ્સો કરીએ એટલે આપણું પહેલું બગડ્યું પછી એનું બગડે પાછું.

## લોન ભરપાઈ કોને કરવાની ?

**દાદાશ્રી :** તને કોની ઉપર ગુસ્સો આવે છે ?

**પ્રશ્નકર્તા :** ઘણી વખત મારા બાબા ઉપર ગુસ્સે થઈ જઉં. વર્ક ઉપર ગુસ્સે થઈ જાઉં.

**દાદાશ્રી :** કામ પર કોની ઉપર ગુસ્સો આવે છે ?

**પ્રશ્નકર્તા :** કો-વર્કર (સહ-કાર્યકર) સાથે.

**દાદાશ્રી :** એ લોકો કંઈ ભૂલ કરે તેથી ગુસ્સો આવી જાય, ખરું ?

**પ્રશ્નકર્તા :** હા, બરાબર.

**દાદાશ્રી :** રસ્તામાં કાંટો વાગી જાય તો એની ઉપર ગુસ્સો આવે ખરો ?

**પ્રશ્નકર્તા :** ના, તેની ઉપર કેવી રીતે આવે ગુસ્સો ? તેની ઉપર ગુસ્સો ના આવે.

**દાદાશ્રી :** કેમ ના આવે ?

**પ્રશ્નકર્તા :** એ વસ્તુ છે ને !

**દાદાશ્રી :** તો આય જડ જ છે વસ્તુ, આય તમને જે દેખાય એ જડ જ વસ્તુ જુઓ છો.

અને બાબા ઉપર તો ગુસ્સો કરાય નહીં, કારણ કે બાબાને તો આપણે નવ મહિના પેટમાં રાખેલો. હવે આટલું બધું કામ કર્યું, હેલ્પ કરી ને પછી હવે ગુસ્સો કરીને શું કામ છે ? પછી આ ગુસ્સો કરીને ડેબિટ શું કામ કરાવીએ ? જ્યાં આટલું બધું જમે થયું હોય તો ડેબિટ કરવાનું કારણ શું ? નવ મહિના કોણ રાખે આવું રેસિડન્સ ? નવ મહિના આટલો ઉપકાર કર્યો, તો હવે ગુસ્સો કરવાની જરૂર ના હોય.

## છેવટે કહેવાનુંય છોડવું પડશે

**પ્રશ્નકર્તા :** પણ પાણીનો ગ્લાસ લે, પાણીનો ગ્લાસ ભરે અને પછી કારપેટ ઉપર રેડે તો એને શું કરવાનું ? રેડવા દેવાનું ?

**દાદાશ્રી :** હા, પણ તે શું કરે ! નહીં તો આપણે શું કરવાનું કે ભઈ, એ રેડીશ નહીં. આ બગડે, નુકસાન થાય એવું ધીમે રહીને બોલવાનું. ક્રોધ કરવાની જરૂર ખરી ?

**પ્રશ્નકર્તા :** ના, ક્રોધ નથી કરતી, દાદાજી. ક્રોધ નહીં કરું, પણ એને કહેવું પડે.

**દાદાશ્રી :** કહેવાનો વાંધો નહીં. કહેવું એ તો નાટક છે બધું. પોતાને દુઃખ ના થાય એવી રીતે કહેવું.

**પ્રશ્નકર્તા :** દાદાજી, ક્રોધ નથી થતો પણ કહી દેવાય ખરું.

**દાદાશ્રી :** છેવટે કહેવાનોય સ્વભાવ છોડી દેવો પડશે. છેવટે તો એય છોડી દેવું પડશે. આ તમે કહેતા નથી, એ તો ટેપરેકર્ડ ગાય છે બધું, તમે ગાતા જ નહીં ને ! તમે ગમે એટલું બોલોને, તોય મને તમારી ઉપર રીસ ન ચઢે, અમે જાણીએ કે આ ટેપરેકર્ડ ગાવા માંડી.

**પ્રશ્નકર્તા :** બીજા કોઇને લાગી જાય ને રીસ ?

**દાદાશ્રી :** એ તો લાગી જ જાય ને !

### પોતે જ સુધરવાની જરૂર

**પ્રશ્નકર્તા :** નાનાં બાળકોને ગુસ્સો દૂર કરવા ટૂંકાણમાં કેવી રીતે કહેવું ?

**દાદાશ્રી :** એમનો ગુસ્સો દૂર કરીને શું ફાયદો ?

**પ્રશ્નકર્તા :** ઝઘડે નહીં આપણી જોડે.

**દાદાશ્રી :** પછી ઠંડું પડી જાય એ તો. મહાપરાણે દવાઓ કરીએ ત્યારે ગુસ્સો થાય માણસને. પાછું ટાઢું પડી જાય, ટાઢું પડી જાય એ તો સારું નહીં, ગુસ્સો સારો.

**પ્રશ્નકર્તા :** ના, ના, એમ નહીં. છોકરાં કોઈ વખત બહુ હોટ-ટેમ્પરનાં હોય ને.

**દાદાશ્રી :** એનાં માટે તો દવા બીજી કરવાં કરતાં એના મા-બાપે ગુસ્સોનો દેખાવ ન દેખે એવી રીતે રહેવું જોઈએ. એ દેખીને થાય છે કે મારા ફાધર કરે છે, હું એના કરતાં સવાયો ગુસ્સો કરું ત્યારે ખરો. એ તો તમારે બંધ કરી દો, તો એની મેળે બંધ થઈ જશે.

આ મેં બંધ કર્યો છે, મારો બંધ થઈ ગયો છે, તો કોઈ મારી જોડે કરતું જ નથી. હું કહું કે ગુસ્સે થાવ તો પણ નહીં થતાં. છોકરાઓય નહીં થતાં, હું મારીશ તોય ગુસ્સે નહીં થાય.

### એને પ્રેમ કહેવાય ?

**પ્રશ્નકર્તા :** મારા સગાવ્હાલાંય બધા પ્રેમવાળા છે, મારા માટે લાગણી કરે છે.

**દાદાશ્રી :** એ તું સામું બોલું ને ત્યારે ખબર પડશે પ્રેમ કેટલો છે !

**પ્રશ્નકર્તા :** સામું બોલીએ એટલે ગુસ્સો કરે છે.

**દાદાશ્રી :** તો પછી એને પ્રેમ શાનો કહેવાય ? આ આસક્તિ કહેવાય. પ્રેમ તો એનું નામ કહેવાય કે વધે નહીં, ઘટે નહીં, તું ગાળ ભાંડું, ગુસ્સો કરું તોય ના ઘટે અને એમને એમેય પ્રેમ કરું તોય વધે નહીં, એનું નામ પ્રેમ કહેવાય. આને પ્રેમ જ કેમ કહેવાય ? અને હું તો પ્રેમથી મારું.

**પ્રશ્નકર્તા :** મને કાંઈ દુઃખ નથી થતું. મને ગુસ્સો આવે, થાય થોડુંક, પણ હું પછી વિચાર કરીને એને ભૂલી જવા પ્રયત્ન કરું.

**દાદાશ્રી :** ના. પણ ગુસ્સો આવે ત્યાંથી જ દુઃખ કહેવાય ને ! એ દ્વેષ કહેવાય. પ્રેમમાં દ્વેષ ના હોય. દ્વેષ છે ત્યાં પ્રેમ નથી અને પ્રેમ છે ત્યાં દ્વેષ ના હોય ! પ્રેમમાં રાગેય ના હોય અને દ્વેષય ના હોય. અત્યારે તું મને ફૂલહાર ચઢાવું તો મારો પ્રેમ વધી ના જાય, તું મને બે ધોલ મારું તો ઘટી ના જાય, એનું નામ પ્રેમ કહેવાય. એવો પ્રેમ જોયેલો ?

### સાચો પ્રેમ ના વધે, ના ઘટે

**પ્રશ્નકર્તા :** તો માતા-પિતાનો પ્રેમ જે છે, એ કેવો કહેવાય ?

**દાદાશ્રી :** માતા-પિતાને એક દહાડો ગાળો ભાંડેને તો પછી એ સામા થઈ જાય. આ 'વર્લ્ડલી'

(સાંસારિક) પ્રેમ તો ટકે જ નહીં ને ! પાંચ વર્ષે, દસ વર્ષે પણ ઊડી જાય પાછો, કોઈક દહાડો. સાચો પ્રેમ હોવો જોઈએ. ચઢ-ઊતર ના કરે એવો પ્રેમ હોવો જોઈએ.

છતાં છોકરાની ઉપર બાપ કોઈ વખત જે ગુસ્સો કરે છે, એની મહીં હિંસકભાવ નથી.

**પ્રશ્નકર્તા :** એ ખરેખર તો પ્રેમ છે ?

**દાદાશ્રી :** એ પ્રેમ હોય જ નહીં. પ્રેમ હોય તો ગુસ્સો ના હોય. પણ હિંસકભાવ નથી એની પાછળ. એટલે એ ક્રોધ ના કહેવાય. ક્રોધ હિંસકભાવ સહિત હોય.

## જગત વશ થાય પ્રેમથી

એક બાપે એના છોકરાંને સહેજ જ હલાવ્યો એટલે છોકરો ફાટી ગયો ને બાપને કહેવા લાગ્યો કે 'મારે ને તમારે નહીં ફાવે.' પછી બાપ છોકરાને કહેવા લાગ્યો કે 'ભઇ ! મેં તને કશું ખરાબ નથી કહ્યું. તું શું કામ ગુસ્સે થાય છે ?' ત્યારે પછી મેં એ બાપને કહ્યું કે 'હવે શું કામ ઓરડો ધૂઓ છો ? પહેલાં હલાવ્યું શું કામ ? કોઇને હલાવશો નહીં, આ પાકાં ચીભડાં છે. કશું બોલશો નહીં. મેરી ભી ચૂપ ને તેરી ભી ચૂપ. ખઇ-પીને મોજ કરો.'

## અથડામણ થાય અહંકારથી

**પ્રશ્નકર્તા :** છોકરાઓ છે તે વઢીએ નહીં ત્યાં સુધી શાંત જ ના થાયને, એટલે વઢવું પડેને !

**દાદાશ્રી :** વઢવાને માટે વાંધો નથી પણ જાતે વઢો છો એટલે તમારું મોઢું બગડી જાય છે, એટલે જવાબદારી છે. તમારું મોઢું બગડે નહીં ને વઢોને ! મોઢું સારું રાખીને વઢો, ખૂબ વઢો ! તમારું મોઢું બગડે છે એટલે તમે જે વઢવાનું છે તે તમે અહંકાર કરીને વઢો છો !

**પ્રશ્નકર્તા :** તો તો છોકરાઓને એમ લાગે કે આ ખોટું ખોટું વઢે છે !

**દાદાશ્રી :** તો એ એટલું જાણે તો બહુ થઈ ગયું. તો એને અસર પડશે, નહીં તો અસર જ નહીં પડે. તમે ખૂબ વઢો એટલે એ જાણે કે આ નબળા માણસ છે. એ લોકો મને કહે છે, અમારા ફાધર બહુ નબળા માણસ છે, બહુ ચિઢાય-ચિઢાય કરે છે.

છોકરાઓ જોડે તમે ચિઢાઓ તો એની નવી લોન લીધી કહેવાય. કારણ કે ચિઢાવાનો વાંધો નથી, પણ તમે પોતે ચિઢાઓ છો તે વાંધો છે.

## ડ્યુટી બાઉન્ડ : વિલ બાઉન્ડ

મા-બાપે પાંચ હજારનું દેવું કરીને છોકરાને ભણાવ્યો હોય તેમ છતાં કોઈ દિવસ છોકરો ઉદ્ધતાઈ કરે તો બોલી ના બતાવાય કે અમે તને ભણાવ્યો. એ તો આપણે 'ડ્યુટી બાઉન્ડ' હતા, ફરજિયાત હતું. ફરજિયાત હતું તે કર્યું. આપણે ફરજ બજાવવી. ફરજિયાત એટલે 'ડ્યુટી બાઉન્ડ' અને મરજિયાત એટલે 'વિલ બાઉન્ડ'. લોકો ફરજિયાતને મરજિયાત માને છે. અલ્યા, તારી વિલીંગનેસ (ઈચ્છા) જે બાજુ હોય તે બાજુ સંસાર વીંટાઈ રહ્યો છે. જે ફરજિયાત છે તેમાં મરજિયાતનું ચિતરામણ ચીતરી રહ્યા છે. જે ફેરવી શકાય છે તે વિલ બાઉન્ડ છે. ઘણાં છોકરાં બાપની સામા થઈ જાય છે ત્યારે બાપ ગુસ્સે થાય છે અને બધું કહી બતાવે છે કે મેં તને ભણાવ્યો, ગણાવ્યો, મોટો કર્યો. અલ્યા, ફરજિયાત હતું. તારું મરજિયાત જે હોય તે કહી બતાવ ને ! ફરજિયાત જે બંધાયેલા છે આપણી જોડે આવવા માટે, તેની માળા શું કરવા ગણું છું ? મરજીયાતને ખોળી કાઢ.

## નબળાઈ જાય તો પ્રભાવ પડે

**પ્રશ્નકર્તા :** સાત્ત્વિક ચીઢ અગર તો સાત્ત્વિક ક્રોધ સારો કે નહીં ?

**દાદાશ્રી :** એને લોકો શું કહે ? આ છોકરાંઓ પણ એને શું કહે કે 'આ તો ચીઢિયા જ છે !' ચીઢ એ મૂર્ખાઈ છે, ફૂલિશનેસ છે ! ચીઢને નબળાઈ કહેવાય. છોકરાંઓને આપણે પૂછીએ કે 'તારા

પપ્પાજીને કેમનું છે ?' ત્યારે એય કહે કે, 'એ તો બહુ ચીઢિયા છે !' બોલો, હવે આબરૂ વધી કે ઘટી ? આ વિકનેસ (નબળાઈ) ના હોવી જોઈએ. એટલે સાત્ત્વિકતા હોય ત્યાં વિકનેસ ના હોય.

**પ્રશ્નકર્તા :** કોઈ માણસ નાના બાળકને બહુ જ મારતો હોય અને એ વખતે આપણે પસાર થતાં હોઈએ, ત્યારે એ માણસને વાળીએ ને ના માને તો છેવટે વઢીને કે ક્રોધ કરીને બાજુએ રાખવો જોઈએ કે નહીં ?

**દાદાશ્રી :** ક્રોધ કરશો તોય તે માર્યા વગર રહેશે નહીં. અરે, તમનેય મારે ને ! છતાં એની જોડે ક્રોધ શા માટે તમે કરો છો ? એને ધીમે રહીને કહો, વ્યવહારિક વાતચીત કરો. બાકી, સામે ક્રોધ કરો એ તો વિકનેસ છે !

**પ્રશ્નકર્તા :** તો છોકરાને મારવા દેવાનો ?

**દાદાશ્રી :** ના, ત્યાં આગળ આપણે જઈને કહેવાનું કે 'ભઈ, શા માટે તમે આવું કરો છો ? આ બાળકે તમારું શું બગાડ્યું છે ?' આવું એને સમજાવીને વાત કરાય. તમે એની પર ક્રોધ કરો તો તો આ ક્રોધ એ તમારી નબળાઈ છે. પહેલી નબળાઈ પોતાનામાં ના હોવી જોઈએ. જેનામાં નબળાઈ ના હોય તેની પર્સનાલિટી (પ્રભાવ) પડે ને ! એ તો અમથો, સાધારણ જ કહે ને, તોય બધા માની જાય.

**પ્રશ્નકર્તા :** કદાચ માને નહીં.

**દાદાશ્રી :** માને નહીં, તેનું શું કારણ ? તમારી પર્સનાલિટી પડતી નથી. ઘરમાં નાનાં છોકરાંઓને પૂછીએ કે 'તારા ઘરમાં પહેલો નંબર કોનો ?' ત્યારે છોકરાંઓ શોધખોળ કરે કે મારી બા ચિઢાતી નથી, એટલે સારામાં સારી એ, પહેલો નંબર એનો. પછી બીજો, ત્રીજો આમ કરતાં કરતાં પપ્પાનો નંબર છેલ્લો આવતો હોય !!! શાથી ? કારણ કે એ ચિઢાય છે. ચીઢિયા છે તેથી. હું કહું કે 'પપ્પા પૈસા લાવીને વાપરે છે તોય તેમનો છેલ્લો નંબર ?' ત્યારે એ 'હા' કહે. બોલો હવે, મહેનત-મજૂરી કરીએ, ખવડાવીએ, પૈસા લાવીને આપીએ, તોય પાછો છેલ્લો નંબર આપણો જ આવેને ?

એટલે આ નબળાઈ ના હોવી જોઈએ, ચારિત્રવાન હોવું જોઈએ. મેન ઑફ પર્સનાલિટી હોવાં જોઈએ ! લાખો ગુંડાઓ એને જોતાં જ ભાગી જાય !!! આ તો ચીઢિયા માણસથી તો કોઈ ભાગી ના જાય, ઊલટો મારે હઉ ! જગત તો નબળાઈને જ મારે ને !!

પર્સનાલિટી ક્યારે આવે ? વિજ્ઞાન જાણીએ ત્યારે પર્સનાલિટી આવે. આ જગતમાં જે ભૂલી જવાય એ જ્ઞાન છે અને ક્યારેય પણ ના ભૂલાય એ વિજ્ઞાન છે !

## ફૂંફાડો મારવો પણ નાટકીય

એક બેન્કનો મેનેજર કહે છે કે દાદાજી, હું તો કોઈ દહાડોય વાઈફને કે છોકરાને કે છોડીને એક અક્ષરેય બોલ્યો નથી. ગમે તેવી ભૂલો કરે, ગમે તે કરતાં હોય પણ મારે બોલવાનું નહીં. એ એમ સમજ્યો કે દાદાજી, મને એવી પાઘડી પહેરાવી દેશે, સરસ ! એ શું આશા રાખતો હતો, સમજાયું ને ? અને મને એની પર ખૂબ રીસ ચઢી કે તમને કોણે બેન્કના મેનેજર બનાવ્યા તે આ ? તમને છોડી-છોકરાં સાચવતાં નથી આવડતાં ને વહુ સાચવતાં નથી આવડતી ! તે એ તો ગભરાઈ ગયો બિચારો. મેં તેમને કહ્યું, 'તમે છેલ્લામાં છેલ્લા પ્રકારના નકામા માણસ છો. આ દુનિયામાં કશા કામના તમે નથી.' પેલો માણસ મનમાં સમજે કે હું આવું કહીશ એટલે આ 'દાદા' મને મોટું ઈનામ આપી દેશે. મેર ગાંડિયા, આનું ઈનામ હોતું હશે ? છોકરો ઊંધું કરતો હોય, ત્યારે એને આપણે 'કેમ આવું કર્યું ? હવે આવું નહીં કરવાનું.' એમ નાટકીય બોલવાનું. નહીં તો બાબો એમ જ જાણે કે આપણે જે કંઈ કરીએ છીએ તે 'કરેક્ટ' (સાચું) જ છે. કારણ કે બાપાએ 'એક્સેપ્ટ' (સ્વીકાર) કર્યું છે. આ ના બોલ્યા, તેથી તો ઘરનાં ફાટી ગયાં છે.

બોલવાનું બધું પણ નાટકીય ! છોકરાઓને રાત્રે બેસાડી સમજાવીએ, વાતચીત કરીએ. ઘરનાં બધા ખૂણામાં પૂંજો તો વાળવો પડશે ને ? છોકરાઓને જરાક હલાવવાની (સચેટ કરવાની) જ જરૂર હોય છે આમ સંસ્કાર તો હોય છે, પણ હલાવવું પડે. તેમને હલાવવામાં કશો ગુનો છે ?

દરેકમાં 'નોર્માલિટી' લાવી નાખો. એક આંખમાં પ્રેમ ને એક આંખમાં કડકાઈ રાખવી. કડકાઈથી સામાને બહુ નુકસાન નથી થતું, ક્રોધ કરવાથી બહુ નુકસાન થાય છે. કડકાઈ એટલે ક્રોધ નહીં, પણ ફૂંફાડો. અમે પણ ધંધા પર જઈએ એટલે ફૂંફાડો મારીએ, 'કેમ આમ કરો છો ? કેમ કામ નથી કરતાં ?' વ્યવહારમાં જે જગ્યાએ જે ભાવની જરૂર હોય, ત્યાં તે ભાવ ઉત્પન્ન ના થાય તો એ વ્યવહાર બગાડ્યો કહેવાય.

## જરૂર વિવેકની, વ્યવહારમાં

વ્યવહારથી તમારે બધું કરવામાં વાંધો નથી, પણ નિશ્ચયથી કરે તો ભૂલ છે. લોક નિશ્ચયથી વર્તે છે ને ?

**પ્રશ્નકર્તા :** પણ વ્યવહાર ધર્મમાં તો રહેવું પડે ને ?

**દાદાશ્રી :** વ્યવહાર ધર્મમાં તો તમે કોઈ દહાડો રહ્યા જ નથી. વ્યવહાર હંમેશાં આદર્શ હોય. જે માણસ નિશ્ચય ચૂક્યો ને, એનું નામ વ્યવહાર ના કહેવાય. નિશ્ચયને નિશ્ચયમાં રાખવાનો અને વ્યવહારને વ્યવહારમાં રાખવાનો, એનું નામ આદર્શ વ્યવહાર. હું આખો દહાડો આદર્શ વ્યવહારમાં જ રહું છું. મારે ઘેર આજુબાજુ પૂછવા જાવને તો બધાય કહેશે, કોઈ દહાડો એ લઢ્યા જ નથી. કોઈ દહાડો બૂમ પાડી જ નથી. કોઈ દહાડો કોઈની જોડે ગુસ્સો થયા નથી. એવું આજુબાજુવાળા બધા કહે તો એ આદર્શ કહેવાય કે ના કહેવાય ?

**પ્રશ્નકર્તા :** કહેવાય.

**દાદાશ્રી :** અને તમારા માટે આજુબાજુ પૂછવા જઈએ તો ? એવું કહે કે એ કોઈ દહાડોય ઊંચા સાદે બોલ્યા નથી ?

**પ્રશ્નકર્તા :** ના.

**દાદાશ્રી :** ત્યારે તમે તો વ્યવહારેય બગાડ્યો અને આ નિશ્ચય પણ બગાડ્યો. વ્યવહાર એટલો જ કરવાનો છે કે બાપ થયો માટે છોકરાનાં ધક્કા તું ના ખાઈશ, નહીં તો છોકરાને ખરાબ લાગશે. અને છોકરો થયો છે એના માટે વ્યવહાર એટલો કરવાનો છે કે બાપના ધક્કા તું ખાજે, નહીં તો ખોટું દેખાશે. એવો વ્યવહાર-વિવેક ચૂકવાનો નથી.

## ત્યાં જરૂર, લાલ સિગ્નલની

જગતના લોકો શું કહે કે આ ભાઈએ આની ઉપર ક્રોધ કર્યો, માટે એ ગુનેગાર છે અને એણે પાપ બાંધ્યું. ભગવાન એવું નથી કહેતાં. ભગવાન કહે છે કે 'છોકરા ઉપર ક્રોધ ના કર્યો, માટે એનો બાપ ગુનેગાર છે. માટે એને સો રૂપિયાનો દંડ કરો.' ત્યારે કહે, 'ક્રોધ કરવો એ સારું ?' ત્યારે કહે છે, 'ના, પણ અત્યારે એની જરૂર હતી. જો અહીં ક્રોધ ના કર્યો હોત તો છોકરો ઊંધે રસ્તે જાત.

એટલે ક્રોધ એ એક જાતનું લાલ સિગ્નલ છે, બીજું કશું નથી. તે આંખ ના કાઢી હોતને, જો ક્રોધ ના કર્યો હોતને, તો છોકરો અવળે રસ્તે ચાલ્યો જાત. એટલે ભગવાન તો છોકરાની પાછળ બાપ ક્રોધ કરે છે તોય એને સો રૂપિયા ઈનામ આપે છે.

ક્રોધ એ તો લાલ ઝંડો છે, એ જ પબ્લિકને ખબર નથી અને કેટલાં પ્રમાણમાં લાલ ઝંડો ઊભો રાખવો, કેટલો ટાઈમ ઊભો રાખવો એ સમજવાની જરૂર છે. હમણાં 'મેલ' જતો (ગાડી જતી) હોય, તે અઢી કલાક લાલ ઝંડો લઈને વગર કારણે ઊભો રહે તો શું થાય ? એટલે લાલ સિગ્નલની જરૂર છે, પણ કેટલો ટાઈમ રાખવું એ સમજવાની જરૂર છે.

## ત્યાં કુદરતનો ન્યાય કેવો ?

આપણા લોક શું કહેશે કે આ બાપ એના છોકરાં ઉપર એટલો ગુસ્સે થઈ ગયો છે ને, એટલે આ બાપ નાલાયક માણસ છે અને કુદરતને ત્યાં આનો શું ન્યાય થતો હશે ? આ બાપાને ભાગ પુણ્ય બાંધો. ક્રોધ કરે છે તોય પુણ્યમાં ગણાય ? હા, કારણ કે છોકરાનાં હિતને માટે પોતાની જાત પર સંઘર્ષણ વહોરે છે ને ! છોકરાંના સુખને માટે પોતે સંઘર્ષણ વહોર્યું માટે પુણ્ય બાંધો ! બાકી દરેક પ્રકારનાં ક્રોધ પાપ જ બાંધે, પણ આ એકલો જ છોકરાંના કે મિત્રના સુખને માટે જે ક્રોધ કરો એ તમારું સળગાવીને એના સુખને માટે કરો છો, તો એનું પુણ્ય બંધાય. છતાં અહીં તો લોક એને અપજશ જ આપ્યા કરે ! પણ ઈશ્વરને ઘેર સાચો કાયદો છે કે નહીં ? પોતાના છોકરા ઉપર, છોડી ઉપર ક્રોધ કરે છે ને, પણ એમાં હિંસકભાવ ના હોય, બીજે બધે હિંસકભાવ હોય. છતાં એમાં તાંતો રહ્યા કરે, કારણ કે એ છોડીને જુએ કે મહીં ફરી કકળાટ થયા કરે, એ એનો તાંતો રહ્યા કરે. તાંતો ના હોય ત્યારે શું થાય ? મોક્ષ થાય. ક્રોધમાં હિંસકભાવ ને તાંતો, એ બે ના હોય તો મોક્ષ થાય. અને એકલો હિંસકભાવ નથી, તાંતો છે તોય પુણ્ય બંધાય છે. કેવી ઝીણવટથી ભગવાને ખોળી કાઢ્યું છે ને !

## ક્રોધ છતાં બંધાય પુણ્ય

છોકરાં જોડે ક્રોધ કરે પણ તમારો અંદર ભાવ શું છે કે આમ ન થવું જોઈએ. તમારો અંદર ભાવ શું છે ? એટલે આ રૌદ્રધ્યાન હતું, તે ધર્મધ્યાનમાં પરિણામ પામ્યું. ક્રોધ થયો છતાંય પરિણામ પામ્યું ધર્મધ્યાન.

કારણ એવું જોવામાં આવે છે કે ક્રોધ કરવામાં એનો હેતુ શો છે ?

**પ્રશ્નકર્તા :** પ્રશસ્ત ક્રોધ.

**દાદાશ્રી :** પેલો અપ્રશસ્ત ક્રોધ, તે માઠો ગણાય. એટલે આ ક્રોધમાંય આટલો ભેદ પડ્યો છે. બીજું, પૈસા માટે છોકરાને ડફળાવીએ કે તું ધંધા ઉપર બરાબર ધ્યાન આપતો નથી, તે ક્રોધ જુદો. છોકરાને સુધારવા માટે, ચોરી કરતો હોય, બીજું (આડું) કરતો હોય, તે માટે આપણે છોકરાને વઢીએ, ક્રોધ કરીએ તેને ભગવાને એનું ફળ પુણ્ય કહ્યું.

પણ બાપ છે તે છોકરાં જોડે અકળાય, ક્રોધ કરે, તેનું શું ફળ આવે ? પુણ્ય બંધાય ?

**પ્રશ્નકર્તા :** બાપ તો અકળાય પણ છોકરો બાપ ઉપર અકળાય તો ?

**દાદાશ્રી :** તો પાપ બંધાય.

## કહેવું પણ વિનયથી

**પ્રશ્નકર્તા :** દાદા, મારો છોકરો પંદરસો રૂપિયા મહિને કમાય છે. હું રીટાયર્ડ છું, તેની સાથે રહું છું. હવે છોકરા અને વહુ મને ટોક્યા કરે છે કે તમે આમ કેમ કરો છો ? બહાર કેમ જાવ છો ? એટલે હું તેમને કહેવાનો છું કે હું ઘરમાંથી ચાલ્યો જઈશ.

**દાદાશ્રી :** ખવડાવે-પીવડાવે છે સારી રીતે ?

**પ્રશ્નકર્તા :** હા, દાદા.

**દાદાશ્રી :** ત્યાર પછી ચાલ્યો જઈશ એમ ના બોલાય. વખતે કહ્યા પછી જવાનું ના બને, આપણા બોલ આપણે જ ગળવા પડે.

**પ્રશ્નકર્તા :** એટલે મારે એમને કશું જ કહેવાનું નહીં ?

**દાદાશ્રી :** બહુ ત્યારે ધીમે રહીને કહીએ કે આમ કરો તો સારું, પછી માનવું-ના માનવું તમારી મરજીની વાત છે. તમારી ધોલ સામાને વાગે તેવી હોય અને તેનાથી સામાનામાં ફેરફાર થતો હોય તો જ ધોલ મારજો ને જો પોલી ધોલ મારશો તો એ ઊલટો વિફરશે, તેના કરતાં ઉત્તમ તો ધોલ ના મારવી તે છે.

## ગુસ્સાનું પરિણામ કેવું ?

**પ્રશ્નકર્તા :** દાદા, હું હાર્ટનો પેશન્ટ હોઉં, હવે એ મને કહે કે તમે આમ કરો ને હું માનું નહીં, એટલે મારે શું કરવું ?

**દાદાશ્રી :** એય હું તમને દાખલો આપું. એક એક વૈદ હતા ને તે બહુ સિન્સિયર, લાયકાતવાળા. પોતાના જરૂરિયાત જેટલા જ પૈસા લે. પૈસાય વધારે ના લે. આ જૂના જમાનાની વાત. હવે એને એક દર્દી મળ્યો, તે કહે છે, મારી દવા કરો. તે એમણે કહ્યું કે આટલી તારે મરચાની ખાસ પરેજી રાખવાની. તે પેલાને મહિનો દવા આપી તોય કશું અસર ના થઈ, તે આમના મનમાં એમ થયું કે આમ કેમ ? શું હશે તે ? આ મારી જોવામાં ભૂલ થઈ છે કે નિદાનમાં કંઈ ભૂલ થઈ છે ? પછી બીજો મહિનો થયો ને તોય કશી અસર ના થઈ. એટલે વૈદનાં મનમાં એમ કે લાવ આપણે ઘેર તપાસ કરીએ ખાય છે કે શું ? વૈદ વારેઘડીએ પૂછે કે મરચું કોઈ દા'ડો ખઉં છું ? ના, મારે અડવાનું જ નહીંને, મારે એ જોવાનું જ નહીં, કહે છે. અને એ વૈદ છાનામાના ઘેર ગયા ને ત્યારે મહીં છે એની થાળીમાં બે આવડાં આવડાં લીલા મરચાં. એટલે વૈદ જે ગુસ્સે ભરાયા, જે ગુસ્સે ભરાઈ ગયાં, જે ગુસ્સે ભરાઈ ગયા ને, તો પ્રેશર વધી ગયું ને ત્યાં ને ત્યાં જ મરી ગયા. અને પેલાએ પાછાં મરચાં ખાધા નિરાંતે.

**પ્રશ્નકર્તા :** ક્રોધ અને બ્લડપ્રેશરને રિલેશન ખરું ?

**દાદાશ્રી :** ઓહોહો ! ક્રોધ તો એ બ્લડપ્રેશરનો ફાધર છે. એનો ફાધર નહીં હોય ને મધર એકલી હશે તો છોકરા નહીં થાય પછી. બ્લડપ્રેશર વધી નહીં જાય. ફાધર નહીં હોય અને મધર એકલી હોય તો છોકરા થાય નહીં ને ! ક્રોધ તો ફાધર છે.

## એ નબળાઈ હોય બધામાં

**પ્રશ્નકર્તા :** આ ઉંમર વધવાને કારણે ક્રોધ થાય અને મગજની સમતુલા ઘટી જાય ખરી ? કમાન છટકી જાય ખરી ?

**દાદાશ્રી :** કમાન છટકી જાય ?

**પ્રશ્નકર્તા :** હા, ક્રોધ વધારે આવી જાય.

**દાદાશ્રી :** શરીર મજબૂત હોય ત્યાં સુધી ક્રોધ ઓછો આવે અને નબળાઈ આવી એટલે બરાડા પાડીને લોકો યે ટાઢા પાડી દે.

**પ્રશ્નકર્તા :** એવું મારામાં છે.

**દાદાશ્રી :** ના, તમારામાં છે ને બધાનામાં છે. તમે માથે લઈ લો છો.

## માત્ર હિસાબ લેણ-દેણ

**પ્રશ્નકર્તા :** એક સામાન્ય વાત કહે છે ને કે આ બધા કુટુંબો હોય છે ને, તે એક વંશ પરંપરાગત ભેગા થાય છે.

**દાદાશ્રી :** હા, એ તો બધા આપણા ઓળખાણવાળા જ. આપણું જ સર્કલ બધું જોડે રહેવાનું. સરખા ગુણવાળું છે, એટલે ત્યાં આગળ રાગ-દ્વેષને લઈને જન્મ થાય છે અને તે ભાવો ચૂકવવા માટે ભેગા થાય છે. બાકી આંખે આવું દેખાય છે એ ભ્રાંતિથી છે અને જ્ઞાનથી તેવું નથી.

**પ્રશ્નકર્તા :** આપે જેમ કહ્યું ને દરેક જીવ સ્વતંત્ર છે.

**દાદાશ્રી :** સ્વતંત્ર એટલે એટલું બધું સ્વતંત્ર છે કે આટલુંય કોઈ કોઈને આપી શકે એમ નથી. લોક તો બધા જેવું આંખે દેખાય એવું બોલે છે. બુદ્ધિથી સમજાય એવું બોલે છે, પણ આ સમજ પડે એવી વસ્તુ નથી.

**પ્રશ્નકર્તા :** અમુક વખતે સમજણ ન હોવાથી કહેય ખરાં, તમે ક્રોધી છો માટે હું ક્રોધી થયો છું.

**દાદાશ્રી :** હા, એવુંય કહે ને બાપને મૂરખ બનાવે.

**પ્રશ્નકર્તા :** એ મૂરખ બનાવે છે ?

**દાદાશ્રી :** મૂરખ જ બનાવે છે ને ! તમે ક્રોધી એટલે હું ક્રોધી એવું બાપને કહે એટલે ગુનેગાર તમે, હું ગુનેગાર નહીં, થયું ને ! એટલે બાપ મૂરખ ના બન્યો ? આ તો જો ડાહ્યા હોત તો હું ડાહ્યો હોત, કહે છે ! બાકી એક આટલોય ગુણધર્મ અપાય એવું નથી. ત્યારે આ તો કહેશે, રૂપરંગ તો એના બાપનું જ. અલ્યા ન્હોય એવું, આ તો એડજસ્ટમેન્ટ છે એટલે એવું દેખાય છે. આ તો મા ને બાપ બેઉ ઊંચા હોય અને છોકરા ઠીંગણા હોય, આ તો વિરોધાભાસ છે.

### છૂટો ચૂકવી ઋણાનુબંધ

**પ્રશ્નકર્તા :** એટલે જે ભાવ ચૂકવવાના હોય છે. ઋણાનુબંધ ચૂકવવાના હોય તે અપાઈને જતા રહે છે.

**દાદાશ્રી :** હા, એ અપાઈ જ જાય બધાં. એટલે મારે ત્યાં આગળ આ વિજ્ઞાન બધું ખુલ્લું કરવું પડ્યું કે અલ્યા, બાપનો તે શો દોષ છે ? તું ક્રોધી, તારો બાપ ક્રોધી, પણ આ તારો ભાઈ કેમ ઠંડો છે ! જો તારામાં તારા બાપનો ગુણ ઉત્પન્ન થયો હોય તો આ તારો ભાઈ ઠંડો કેમ છે ? એટલે આ નહીં સમજાવાથી લોક ઠોકાઠોક કરે છે અને જે ઉપર દેખાય એને સત્ય માને છે.

બધા હિસાબ ચૂકવવા માટેનું જ જગત છે. 'જગત જીવ હૈ કર્માધીન, કુછ ના કિસસે લેના-દેના.' પોતપોતાના સ્વભાવમાં રહો, કહે છે. આ તો બધું પોતપોતાના કર્મના આધીન જ ભમ્યા કરે છે. કોઈ કોઈને કશું આપી શકે નહીં, ભગવાન પણ કશું આપી શકે નહીં, તો બાપ શું આપવાનો હતો તે ? જેને સંડાસ જવાની શક્તિ નથી એ ! વસ્તુ પદ્ધતિસર હોવી જોઈએ કે જેનો છેડો આવે. વાતનો છેડો આવવો જોઈએ ને ?

વાત બહુ સમજવા જેવી છે. આ બહુ ઊંડી વાત છે. આ તો મેં કહી એટલી નથી, આ બહુ ઊંડી વાત છે ! ભગવાન પણ આટલું ન આપી શકે. આ તો બધા હિસાબ જ લેવાય છે ને ચૂકવાય છે !

એટલે જ્ઞાન વસ્તુ સત્ય છે, યથાર્થ જ્ઞાન છે આ ! એટલે શુકલધ્યાન છે આ, એમાં જેમ છે તેમ જુઓ !

**જય સચ્ચિદાનંદ**

**પૂજ્ય દીપકભાઈને નિહાળો ટીવી ચેનલ પર...**

**ભારત** + **'દૂરદર્શન' ડીડી-ગિરનાર પર દરરોજ રાત્રે ૯ થી ૯-૩૦ - 'જ્ઞાનપ્રકાશ'**
+ **'અરિહંત' ચેનલ પર દરરોજ સવારે ૯ થી ૯-૩૦ તથા સાંજે ૮-૩૦ થી ૯**
+ **'દૂરદર્શન' પર દર બુધ-ગુરુ-શુક્ર સવારે ૯ થી ૯-૩૦ (હિન્દીમાં) - નઈ દૃષ્ટિ, નઈ રાહ**
+ **'આસ્થા' પર દરરોજ રાત્રે ૧૦-૨૦ થી ૧૦-૫૦ (હિન્દીમાં)**
+ 'दूरदर्शन' ( सह्याद्रि ) पर सुबह ७-३० से ८ ( सोम-मंगल-गुरु-शनि ), सुबह ७-१५ से ७-३० ( बुध-शुक्र )

**USA** + 'SAHARA ONE' - **સોમથી શુક્ર - સવારે ૯ થી ૯-૩૦ EST**

**USA-UK** + **'આસ્થા' પર દરરોજ રાત્રે ૯ થી ૯-૩૦ (ડિશ ટીવી ચેનલ યુકે-૮૪૯, યુએસએ-૬૪૮)**

દાદાવાણી મેગેઝીનના વાર્ષિક સભ્યો માટે સૂચના

આપનું વાર્ષિક લવાજમ પૂરું થાય છે તે શી રીતે જાણશો ? જો આપની આ મહિનાની આવેલ દાદાવાણીના કવરના લેબલ પર ગ્રાહક નં.ની બાજુમાં # હોય તો જાણવું કે આ આપની છેલ્લી દાદાવાણી છે. દા.ત. DGIA41250 # અને જો આ મહિનાના કવરના લેબલ પર ગ્રાહક નં.ની બાજુમાં # # હોય તો જાણવું કે આ પછીના મહિનાની દાદાવાણી છેલ્લી દાદાવાણી રહેશે. દા.ત. DGIA41250 # #. દાદાવાણી રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) પેજ નં. ૧ પર આપેલ છે.

**મુખ્ય સેન્ટરોના સંપર્ક : અમદાવાદ:** (૦૭૯) ૨૭૫૪૦૪૦૮; **મુંબઈ:** ૯૩૨૩૫૨૮૯૦૧; **રાજકોટ ત્રિમંદિર:** ૯૨૭૪૧૧૧૩૯૩;
**ભૂજ ત્રિમંદિર:** (૦૨૮૩૨) ૨૯૦૧૨૩; **વડોદરા:** ૯૯૨૪૩૪૩૩૩૫; **U.S.A.:** +1 785-271-0869; **U.K.:** +44 7956 476253

## આત્મજ્ઞાની પૂજ્ય દીપકભાઈના સાંનિધ્યમાં આગામી સત્સંગ કાર્યક્રમો

### કંપાલા (યુગાન્ડા)

તા. **૮ ઓક્ટોબર** (શનિ), રાત્રે ૮-૩૦ થી ૧૦-૩૦-**સત્સંગ** તથા **૯ ઓક્ટો.** (રવિ), બપોરે ૩થી ૭-૩૦-**જ્ઞાનવિધિ**
**સ્થળ** : સ્પેકે રીસોર્ટ, મુનયોનો, **કંપાલા (યુગાન્ડા)**. **સંપર્ક :** +256 712179000, 712992272, 712221522

### મોમ્બાસા (કેન્યા)

તા. **૧૨ ઓક્ટોબર** (બુધ), રાત્રે ૮ થી ૧૦-**સત્સંગ** તથા **૧૩ ઓક્ટોબર** (ગુરુ),સાંજે ૬ થી ૧૦-**જ્ઞાનવિધિ**
**સ્થળ** : નવનાત ભવન, વેમ્બે તયારી રોડ, સેફાયર હોટલની પાછળ, **મોમ્બાસા**. **સંપર્ક :** +254 770081727

### નૈરોબી (કેન્યા)

તા. **૧૪ ઓક્ટોબર** (શુક્ર), રાત્રે ૮ થી ૧૦ - **આપ્તપુત્ર સત્સંગ**
તા. **૧૫ ઓક્ટોબર** (શનિ), રાત્રે ૮ થી ૧૦-**સત્સંગ** તથા **૧૬ ઓક્ટોબર** (રવિ),બપોરે ૩ થી ૭-૩૦-**જ્ઞાનવિધિ**
**સ્થળ** : એસ.એસ.ડી. ટેમ્પલ, લોવર કબેટે રોડ, **નૈરોબી (કેન્યા)**. **સંપર્ક :** +254 733277708

તા. **૧૮-૧૯ ઓક્ટોબર** (મંગળ-બુધ), સવારે ૧૦ થી ૧૨-૩૦, સાંજે ૪-૩૦ થી ૭ - **સત્સંગ શિબિર**
તા. **૨૦ ઓક્ટોબર** (ગુરુ), સવારે ૯-૩૦ થી ૧૨-૩૦ - **શ્રી સીમંધર સ્વામીની નાની મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા**
તા. **૨૦ ઓક્ટોબર** (ગુરુ), સાંજે ૪-૩૦ થી ૭ - **સત્સંગ શિબિર**
**સ્થળ** : બ્રુકહાઉસ સ્કૂલ, મગાડી રોડ, લંગાતા, **નૈરોબી (કેન્યા)**. **સંપર્ક :** +254 724841001, 722722063

### ત્રિમંદિર અડાલજ

તા. **૨૬ ઓક્ટોબર** (બુધ), રાત્રે ૮-૩૦ થી ૧૦-૩૦ - **દિવાળી** નિમિત્તે વિશેષ ભક્તિ
તા. **૨૭ ઓક્ટોબર** (ગુરુ), સવારે ૮-૩૦ થી ૧૨-૩૦ - **નૂતન વર્ષ** નિમિત્તે દર્શન-પૂજન-ભક્તિ

### રાજકોટ

તા. **૧૬-૧૭ નવે.** (બુધ-ગુરૂ), સાંજે ૭-૩૦ થી ૧૦ - **મહાત્માઓ માટે વિશેષ સત્સંગ -** સ્થળ નીચે મુજબ
તા. **૧૮-૧૯ નવે.** (શુક્ર-શનિ), સાંજે ૭-૩૦ થી ૧૦-**સત્સંગ** તથા **૨૦ નવે**.(રવિ),સાંજે ૬-૩૦ થી ૧૦-**જ્ઞાનવિધિ**
**સ્થળ** : વિરાણી હાઈસ્કુલ ગ્રાઉન્ડ, ટાગોર રોડ, **રાજકોટ**. **સંપર્ક :** 9879137971, 9924343478

### જામનગર

તા. **૨૫-૨૬ નવે.** (શુક્ર-શનિ), સાંજે ૬-૩૦ થી ૯-**સત્સંગ** તથા **૨૭ નવે**.(રવિ),સાંજે ૫-૩૦ થી ૯-**જ્ઞાનવિધિ**
**સ્થળ** : પ્રદર્શન ગ્રાઉન્ડ, સાત રસ્તા સર્કલ, **જામનગર**. **સંપર્ક :** 9377716561, 9428570212

### અમદાવાદ

તા. **૨-૩ ડિસે.** (શુક્ર-શનિ), સાંજે ૭ થી ૯-૩૦-**સત્સંગ** તથા **૪ ડિસે**. (રવિ), સાંજે ૫ થી ૮-૩૦-**જ્ઞાનવિધિ**
**સ્થળ** : અમદાવાદ એજ્યુકેશન સોસાયટી ગ્રાઉન્ડ, સંદેશ પ્રેસની સામે, વસ્ત્રાપુર. **સંપર્ક :** 9327757143

### અંકલેશ્વર

તા. **૧૭તથા૧૯ડિસે.** (શનિ-સોમ), સાંજે ૬ થી ૮-૩૦-**સત્સંગ** તથા**૧૮ડિસે**.(રવિ),સાંજે૫-૩૦ થી ૯-**જ્ઞાનવિધિ**
**સ્થળ** : રામકુંડ, હાંસોટ રોડ, **અંકલેશ્વર** (જિ. ભરૂચ). **સંપર્ક :** 9714727829, 9825753533

### સુરત

તા. **૨૧-૨૨ ડિસે.** (બુધ-ગુરૂ), રાત્રે ૮-૩૦ થી ૧૧ - **મહાત્માઓ માટે વિશેષ સત્સંગ -** સ્થળ નીચે મુજબ
તા. **૨૩-૨૪ ડિસે.** (શુક્ર-શનિ), રાત્રે ૮-૩૦ થી ૧૧-**સત્સંગ** તથા **૨૫ ડિસે**.(રવિ), સાંજે ૫-૩૦ થી ૯-**જ્ઞાનવિધિ**
**સ્થળ** : જીવરાજ ધારુકા કોલેજ ગ્રાઉન્ડ, કાપોદરા પોલીસ સ્ટેશનની સામે, વરાછા રોડ. **સંપર્ક :** 9924343717

*પરમ પૂજ્ય દાદાશ્રીની જન્મભૂમિ, કર્મભૂમિ ને નિર્વાણભૂમિ રહી છે તે વડોદરા શહેરમાં...*

# પરમ પૂજ્ય દાદા ભગવાનનો ૧૦૪મો જન્મજયંતી મહોત્સવ

## આત્મજ્ઞાની પૂજ્ય દીપકભાઈના સાંનિધ્યમાં...

## તા. ૫ થી ૯ નવેમ્બર ૨૦૧૧ (શનિવાર થી બુધવાર)

+ **સત્સંગ શિબિર** : તા. **૫ થી ૮ નવેમ્બર,** સવારે ૯-૩૦ થી ૧૨, સાંજે ૭-૩૦ થી ૧૦ (તા. ૬ સાંજ સિવાય)

+ **જ્ઞાનવિધિ** (આત્મસાક્ષાત્કાર પામવાનો ભેદજ્ઞાનનો પ્રયોગ) : તા. **૬ નવેમ્બર** (રવિ), સાંજે ૪-૩૦ થી ૮

+ **જન્મજયંતી** : તા. **૯ નવેમ્બર** (બુધ), સવારે ૮-૩૦ થી ૧, સાંજે ૪-૩૦ થી ૬-૩૦ : પૂજન-દર્શન-ભક્તિ

**સ્થળ :** વેક્સિન ઈન્સ્ટિટ્યુટ ગ્રાઉન્ડ, જૂના પાદરા રોડ, **વડોદરા.**

**સંપર્ક :** ૯૯૨૪૩૪૩૩૩૫, ૯૯૨૫૬૪૨૬૬૪, **E-mail :** dadamandir@dadavadodara.org

**નોંધ :** મહોત્સવ સ્થળ રેલ્વે સ્ટેશનથી ૪ કિમી, નિઝામપુરા મેઈન બસ સ્ટેન્ડથી ૬ કિમી અને એરપોર્ટથી ૧૨ કિમી અંતરે આવેલ છે. પ્રાઈવેટ લક્ઝરી બસો માટે પંડ્યા બ્રીજ, સરદારનગર પાસે મુખ્ય જંક્શન સ્ટોપ છે. જે મહોત્સવ સ્થળથી ૫ કિમી દૂર છે. મહોત્સવ સ્થળ પર પહોંચવા આ સ્થળોએથી ઓટો રિક્ષા, ટેક્સી તેમજ સીટી બસ મળશે.

**બહારગામથી આવનાર મહાત્મા-મુમુક્ષુઓને વ્યવસ્થા માટે ખાસ સૂચનાઓ**

(૧) આ મહોત્સવમાં ભાગ લેવા અગાઉથી રજિસ્ટ્રેશન કરાવેલું હોવું જરૂરી છે.
(૨) જે મહાત્માઓ પાસે દાદા ભગવાન પરિવારનું પરમેનન્ટ આઈ-કાર્ડ છે, એમણે આઈ-કાર્ડ અવશ્ય સાથે લેતા આવવું.
(૩) મહોત્સવમાં ભાઈઓ-બહેનો માટે અલગ ઉતારાની વ્યવસ્થા હોઈ શકે માટે પોતપોતાનો સામાન જુદો લાવવો.
(૪) ઓઢવા-પાથરવાની ચાદર, એર પીલો (ઓશીકું), બેટરી, જરૂરી દવાઓ વિગેરે વસ્તુઓ સાથે લેતાં આવવું.

# ગોધરા ત્રિમંદિરનો ભવ્ય પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ

## તા. ૨૮ ડિસેમ્બર ૨૦૧૧ થી ૧ જાન્યુઆરી ૨૦૧૨ (બુધવારથી રવિવાર)

+ **સત્સંગ શિબિર** : તા. ૨૮-૨૯ ડિસેમ્બર સવાર-સાંજ, ૩૧ ડિસેમ્બર સાંજે.

+ **જ્ઞાનવિધિ** : તા. ૩૦ ડિસેમ્બર (શુક્ર), બપોરે ૩-૩૦ થી ૭

+ **અન્ય ભગવંતોની પ્રાણપ્રતિષ્ઠા** : તા. ૩૦-૩૧ ડિસેમ્બર તથા **મુખ્ય પ્રાણપ્રતિષ્ઠા :** તા. ૧ જાન્યુઆરી ૨૦૧૨

**સ્થળ : ત્રિમંદિર**, ભામૈયા ગામ, એફસીઆઈ ગોડાઉન સામે, **ગોધરા**, જિ. પંચમહાલ. **સંપર્ક :** ૯૮૨૫૪૩૧૫૦૩

## પૂજ્ય નીરુમાને નિહાળો ટીવી ચેનલ પર...

**ભારત**
+ **'દૂરદર્શન - ડીડી-ગિરનાર' પર દરરોજ સવારે ૭ થી ૭-૩૦**
+ **'દૂરદર્શન' પર દરરોજ બપોરે ૩-૩૦ થી ૪ - ગુજરાતમાં. (અન્ય રાજ્યોમાં ડીડી-ગિરનાર પર)**
+ **'અરિહંત' ચેનલ પર દરરોજ સવારે ૧૦ થી ૧૦-૩૦ તથા સાંજે ૫ થી ૫-૩૦**
+ **'સોહમ' ચેનલ પર દરરોજ બપોરે ૧-૩૦ થી ૨, સાંજે ૬-૩૦ થી ૭ (રિપીટ) (હિન્દીમાં)**

**USA** + 'TV Asia' - **સોમ થી શુક્ર સવારે ૭-૩૦ થી ૮** EST

**USA-UK** + **'આસ્થા' પર દરરોજ સવારે ૮ થી ૮-૩૦ (ડિશ ટીવી ચેનલ યુકે-૮૪૯, યુએસએ-૬૪૮)**

**સમગ્ર વિશ્વમાં (ભારત સિવાય) - 'સોની' ટીવી પર દરરોજ સવારે ૭-૩૦ થી ૮ (હિન્દીમાં)**

ઓક્ટોબર ૨૦૧૧
વર્ષ-૧૭, અંક-૨
સળંગ અંક - ૧૯૪

# દાદાવાણી

Reg. no. of Newspaper 67543/95
Reg. no. GAMC - 1143/2009-2011
valid up to 31-12-2011
LPWP Licence No. CPMG/GJ/23/2009-2011
Valid up to 21-12-2011
Posted at AHD. P.S.O. Sorting Office Set-1
on 1st of each month.

## પરમ પૂજ્ય દાદા ભગવાનનો ૧૦૪મો જન્મજયંતી મહોત્સવ




## જન્મજયંતી સ્થળ : વેક્સીન ગ્રાઉન્ડ, વડોદરા.

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક અને મુદ્રક શ્રી ડિમ્પલ મહેતાએ અંબા ઓફસેટ, બેઝમેન્ટ, પાર્શ્વનાથ ચેમ્બર્સ, ઉસ્માનપુરા, અમદાવાદ - ૧૪ ખાતે છપાવી પ્રકાશિત કર્યું.